સુવિચાર
‘‘સંબંધોને બનતા વર્ષો લાગે છે, તૂટતા એક ક્ષણ.’’
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૮/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ–૫ વર્ષ : ૧૬ અંક : ૨૧૮



SINCE 1999
હરિૐ
PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
મેંગો ચોકલેટ મોદક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099


## જિલ્લાનાં છેવાડાથી લઈને મુખ્ય શહેરોમાં ગણેશોત્સવનો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ

# દેવા ઓ દેવા ગણપતિ દેવા : અમરેલી જિલ્લામાં ગણેશોત્સવનો પ્રારંભ

- નાગનાથ યુવક મંડળ દ્વારા સતત ૧૨૬માં વર્ષે સાર્વજનિક ગણેશોત્સવનો પ્રારંભ
- બ્રાહ્મણ સોસાયટી, વરસડા રોડ, શિવપાર્ક સહિતનાં વિસ્તારોમાં પણ ગણપતિની સ્થાપના
- વિઘ્નહર્તા દેવની ઢોલ–નગારા સાથે શોભાયાત્રા અને પૂજન બાદ વિધિવત ઠેકઠેકાણે સ્થાપના કરાઈ
- આગામી ૬ સપ્ટેમ્બર સુધી દરરોજ સવાર, સાંજ આરતી સહિતનાં ધાર્મિક અને સાંસ્કૃતિ કાર્યક્રમો યોજાશે




અમરેલી, તા. ૨૭

અમરેલીજિલ્લાનાંછેવાડાનાં વિસ્તારથી લઈને જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં આજે વિઘ્નહર્તા ગણેશજીની વાજતે–ગાજતે સ્થાપના કરવામાંઆવીહતી. શહેરમાંસૌથીજુના સાર્વજનિક ગણેશોત્સવે ૧૨૬ વર્ષ બાદ પણ આકર્ષણ જગાવ્યું છે. શહેરનાં શિવપાર્ક,બ્રાહ્મણસોસાયટી,વરસડારોડ તેમજસીનિયરસિટીઝનપાર્કખાતેસારહિ યુથકલબધ્વારાગણેશોત્સવનુંઆયોજન કરવામાંઆવેલછે.

નાગનાથ મંદિર

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રતાપભાઈ ચૌહાણ વગર ડીગ્રીએ તબીબ બન્યા

## જાફરાબાદનાં વઢેરા ગામે ઉઘાડપગા તબીબનું ચાલતું દવાખાનું ઝડપાયુ

### આરોગ્ય અધિકારીએ જરૂરી કાર્યવાહી કરી

અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાના ચાંચ ગામના વતની અને હાલ જાફરાબાદ રહેતાપ્રતાપભાઈ બીજલભાઈ ચૌહાણે વઢેરાગામેબસસ્ટેશનનીપાછળરહેતા કોઈ પણ સરકાર માન્ય અલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીકચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટર મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં અલોપેથિક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામ્રગી વસ્તુ નંગ–૮૩ જેની કિંમત રૂપિયા ૬૦,૨૫૬.૪૮નો મુદામાલ રાખી મેડિકલ પ્રેકટીસ કરી માનવજીંદગી જોખમાય તેવુ જાણતા હોવા છતાં સારવાર આપી માનવ જીંદગી સાથે છેડા કરતાં હોય. ગતતા. ૨૬નારોજ ૧૧:૩૦વાગ્યે મેડીકલ ઓફિસર પી.એચ.સી. નાગ્રેશ્રી ઈ.ચા. મેડીકલ ઓફિસર પી.એસ.સી. બાબરકોટ વાળા ડો. ભગીરથભાઈ સાવજભાઈ વાઘે આરોપી પ્રતાપભાઈ બીજલભાઈ ચૌહાણને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### વોર્ડ–૬ ની ગંદકી દુર કરવાનુ કહેતા

## જાફરાબાદનાં નગરસેવિકા અને તેમનાં પતિને જાનથી મારી નાખવાની ધમકી

### ૨ વ્યકિતઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૭

જાફરાબાદનાં નગરસેવિકા કોમલબેન બારૈયા અને તેમના પતિને સરમણભાઈ બારૈયા વોર્ડ–૬ માં ફેલાયેલ ગંદકીનો પ્રશ્ન દુર કરવા પાલિકામાં રજુઆત કરવા ગયેલ હતા દરમિયાનમાં પાલિકામાં પ્રફુલભાઈ બારૈયા અને કમલેશભાઈ બારૈયાને સારૂ ન લાગતા પતિ–પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઢીકાપાટુનો માર માર્યાની ફરયિાદ નોધાંયેલ છે.

### પાલિકાની ઘોર બેદરકારી સામે રોષ

## અમરેલીના ગાયત્રી મંદિર નજીક ખુલ્લી ગટરમાં ગાય પડી જતાં બચાવી લેવાઈ

### જીવદયા પ્રેમીઓએ ગાયનું રેસ્કયુ કર્યુ

અમરેલી, તા.૨૭

આજેચતુર્થીના પાવન પ્રસંગે જ પાલિકાની ઘોર બેદરકારી ના કારણે અમરેલીના ગાયત્રી મંદિર વિસ્તારમાં એક ગાય ખુલ્લી મોટી ગટરમાં એક ગાય પડી જવાની ઘટના બનેલ જેમાં અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તથા સ્થાનિક લોકો તથા જેસીબી મશીનની મદદથી એક કલાકની ભારે જહેમત બાદ ગાયનું સલામત રીતે રેસ્કયુ કરેલ હતું.



આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ વેસ્ટર્ન પાર્ક સોસાયટીમાં ગાયત્રી મંદિર પાસે આવેલ એક ખુલ્લી મોટી ગટરમાં એક ગાય પડી જવાની ઘટના બનેલ તેના અનુસંધાને કોઈ સેવાભાવીએ સાંજનાં સાડા ચારના સમયે અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલીફોનિક જાણ કરેલ હતી. જેથી અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક

અનુસંધાન પાના ૬ ઉપર

### વ્હેલી સવારે બનાવ બનતા દોડધામ

## સાવરકુંડલાનાં મઢડા ગામનાં પ્રૌઢની અજાણી વ્યકિતએ કરપીણ હત્યા કરી

### પોલીસ વિભાગે ગુન્હાનો ભેદ ખોલવાની કવાયત શરૂ કરી

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલાતાલુકાનામઢડા ગામે રહેતા બાબુભાઈજેઠુડભાઈ વાઘોશીનામના૪૭વર્ષિયખેડુતનાતેજ ગામે રહેતા કુટુંબી કાકા જીલુભાઈ ખોખાભાઈ વાઘોશી (ઉ.વ. ૫૫)ને ગત તા. ૨૬ના રોજ સવારે ૬ વાગ્યા પહેલા કોઈપણ સમયે કોઈ અજાણી વ્યકિતએ કોઈપણ કારણોસર કોઈ તિક્ષ્ણ અથવા બોથડ હથિયાર વડે માથાના ભાગે તથા ડાબા હાથે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે આરોપીને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે બગસરા તાલુકાના શાપર ગામે ભાઈના હાથે સગી બહેનની છોકરી ભગાડી જવાના મુદે કરપીણ હત્યા બનેલ હતી. ત્યારે અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં બે બે હત્યાના બનવાથી ભારે ચકચાર મચી જવાબ પામેલ છે.






નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

# ડ્રેગન ફ્રુટની ખેતીમાં ડોક્ટરનો સફળ પ્રયત્ન : માંડણ ગામે દોઢ વર્ષે પહેલી આવક શરૂ







રાજુલા તાલુકાના માંડણ ગામમાં એક નવીન કૃષિ યાત્રાનો આરંભ થયો છે. અહીંના વતની અને વ્યવસાયે ડોક્ટર રહેલા કેશુભાઈ કાતરીયાએ સામાન્યખેતી છોડીને નવતર વિચાર સાથે ડ્રેગન ફ્રુટની ખેતી શરૂ કરી છે. દોઢ વર્ષ પહેલાં તેમણે તેમના ગામની ૧૦ વીઘા જમીનમાંથી ૯ વીઘામાં ડ્રેગન ફ્રુટનું વાવેતર શરૂ કર્યું હતું. આજે તેમની આ મહેનતનો પાળો ફળવા લાગ્યો છે અને પ્રથમ આવક મળવા લાગી છે. ડોક્ટર કેશુભાઈ રાજુલા શહેરમાં પોતાની ખાનગી હોસ્પિટલ ચલાવે છે અને આરોગ્ય સેવા સાથે સાથે ખેતી પ્રત્યે પણ તેઓનો ઉત્સાહ અદ્ભૂત છે. તેમણે પરંપરાગત પાકો સામે નવા બજારને ટાંકતા ડ્રેગન ફ્રુટ જેવી કિંમતમય અને આરોગ્યદાયક ફળવાળી ખેતી તરફ વળવાનું નક્કી કર્યું. તેમણે જણાવ્યુ કે આ પાક માટે વિશેષ ઔષધ અથવા જંતુનાશક દવાઓની જરૂર પડતી નથી. તાપમાનની દ્રષ્ટિએ પણ 25° સે. થી 40° સુધીનું વાતાવરણ અનુકૂળ ગણાય છે. આ પાકમાં પશુઓ દ્વારા નુકસાન થવાનું જોખમ પણ ઓછું છે.આવક શરૂ, બજાર પણ સક્ષમ દોઢ વર્ષના સાહસ અને ધીરજ બાદ હવે ડ્રેગન ફ્રુટની પહેલી આવક શરૂ થઈ છે. હાલ બજારમાં દર ફળ ૨૦૦ ગ્રામથી લઈને ૮૦૦ ગ્રામ સુધીનું હોય છે. આમ એક ફળનો વજન અને ગુણવત્તા બંને આધારે બજાર ભાવ ૨૦૦ સુધી મળે છે. આ ફળ સુખદ રીતે ૮ થી ૧૦ દિવસ સુધી બગડ્યા વિના રહી શકે છે અને એક્સપોર્ટ માટે પણ અનુકૂળ છે. ડોક્ટરએ જણાવ્યું કે, હમણાં અમે સુરત, અમદાવાદ, ભાવનગર અને મુંબઈ જેવા શહેરોમાં વેચાણ શરૂ કર્યું છે. એક્સપોર્ટ માર્કેટ માટે ૫ કિલોના બોક્સની કિંમત્ ૧૦૦૦ જેટલી મળ છે. ડ્રેગન ફ્રુટ ફક્ત દેખાવમાં આકર્ષક નથી પણ આરોગ્ય માટે પણ ઘણો લાભદાયક છે. તેમાં ફાઈબરની માત્રા વધુ હોય છે, જે ડાયાબિટીસ કંટ્રોલ, કોલેસ્ટ્રોલ ઘટાડવું, સાંધાના દુઃખાવામાં રાહત, અને બળતરા દૂર કરવા જેવી વિશિષ્ટ ગુણવત્તાઓ ધરાવે છે. થોર વૃક્ષના કુટુંબમાં આવતો આ પાક ઘણાં પ્રકારના રોગોમાં ઉપયોગી ગણાય છે.આ ખેતીમાં સૌથી મોટી ખાસિયત એ છે કે ઓછા લેબર, નગણ્ય દવાનો ખર્ચ અને પશુઓથી સુરક્ષા જેવા પોઝિટિવ પાસાઓ છે. પ્રથમ વર્ષે એક વિઘામાંથી રૂ. ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધીની આવક મળી છે. આગાહી છે કે આગામી વર્ષે વૃદ્ધિ પામતી વેલીઓ વધુ ફળ આપશે અને આવકમાં નોંધપાત્ર વધારો થશે. ડોક્ટરની આ પહેલ ગુજરાતના ખેડૂતોએ નવી દિશામાં વિચારવી જોઈએ એ માટે ઉત્તમ ઉદાહરણ છે. મહવપૂર્ણ વાત એ છે કે વિજ્ઞાન, માર્કેટિંગ અને આરોગ્ય – ત્રણેય પાસાઓને ધ્યાનમાં રાખીને તેમણે ખેતીમાં નવી દિશા જોઈ છે.આવી પ્રયત્નશીલ ખેડૂત સંસ્કૃતિથી ગુજરાતનું કૃષિ ક્ષેત્ર વધુ પ્રગતિશીલ અને નફાકારક બનશે એમાં શંકા નથી.

### દિવ્યાંગ મહિલાને ઘરેથી રવાના કરી દેવાઈ'તી

## અમરેલીમાં ગૃહકંકાસથી ઘરેથી નીકળી ગયેલ મહિલાને ૧૮૧ ટીમની મદદ મળી

### ૧૮૧ ટીમે મધ્યસ્થી કરી સમાધાન કરાવ્યુ




અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં રહેતા એકદિવ્યાંગ બહેનના પરિવારજનોએ તેમની સાથે ઝગડો કરી બે દિવસથી તેઓને ઘરેથી કાઢી મુકયા હતાં જેથી છેલ્લા બે દિવસથી તેઓએ પોતના સગાના ઘરે આશ્રય લીધેલ અને હાલ પોતાની બહેનના ઘરે જવાં ઈચ્છતા હતા પરંતુ તેઓના પરિવારજનો તેમનો સામાન આપવાની વાત પર તેઓની સાથે ઝઘડો કરતા હતા જેથી દિવ્યાંગ બહેને ૧૮૧ મહિલા હેલ્પલાઇનની મદદ માંગેલ જેના પગલે ૧૮૧ મહિલા હેલ્પલાઇનના કાઉન્સીલર પુનમ ભુવા મહિલા જી.આર.ડી. નયાનાબેન અને પાયલોટ જગદિશભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા જયાં દિવ્યાંગ બહેન સાથે વાત કરતા જાણવા મળેલ કે તેઓ આંખેથી કશું જોઈ શકતા નથી અને તેઓના પતિ અને પુત્ર પણ દિવ્યાંગ છે પરંતુ તેઓ આંશિક રીતે જોઇ શકે છે અને હાલ જ તેમના પુત્રના લગ્ન થયા હતા જેથી તેમના પતિ અને પુત્રને હવે તેઓની જરૂરિયાત ન હોય તે રીતે વર્તે છે રોજબરોજની જરૂરિયાતો/કાર્યો માટે પણ દિવ્યાંગ બહેન તેઓની મદદ માંગે છે તો તેઓ ઝગડો કરી અવારનવાર તેઓને ઘરેથી કાઢી મૂકે છે. વારંવારના આ ત્રાસથી કંટાળી દિવ્યાંગ બહેને પોતાની બહેનોને તેઓને લેવા માટે બોલાવેલ. સમગ્ર ઘટના જાણયા બાદ ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમ પીડિતા દિવ્યાંગ બહેન અને તેઓની બહેનોને લઈને દિવ્યાંગ બહેનના ઘરે પહોંચ્યા હતા જયાં દિવ્યાંગ બેહનના પરિવારજનો સાથે સમગ્ર ઘટના અંગે વાત કરી ઝઘડો ન કરવા તમામને સમજાવેલ તેમજ ભવિષ્યમાં જો દિવ્યાંગ બહેનને ઘરેથી કાઢી મુકશે તો તેઓ વિરૂધ્ધ કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે જે અંગે તમામને સમજાવેલ બાદ તમામનું કુશળ કાઉન્સિલિંગ કરી તેઓને દિવ્યાંગ બહેનની સાર સંભાળ રાખવા અંગે સમજાવેલ તેમજ હાલ પીડિતા પોતાની બહેનના ઘરે જવા માંગતા હોય અને થોડા દિવસ બાદ પરત આવી પરિજનો સાથે રહેવાની વાત કરતા હોય જેથી હાલ તેઓને પોતાની બહેન સાથે જવા દેવા અને પરત આવ્યે સૈને હળીમળી રહેવા સમજાવેલ જેથી સમગ્ર વિવાદનો સુખદ અંત આવેલ.

### દિલીપ સંઘાણી પરિવાર દ્વારા

## અમરેલીનાં સુખનાથ મંદિરે સત્યનારાયણની કથા યોજાઈ

### મોટી સંખ્યામાં સૌએ કથાનો લાભ લીધો



અમરેલી, તા. ૨૭

તાજેતરમાં સંઘાણી પરિવારના ઘરની બાજુમાં સ્વયંભુ સુખનાથ મહાદેવનું મંદિર આવેલ છે તે મંદિરના નિમાર્ણમાં પણ સંઘાણી પરિવારનું ઘણુ મોટું યોગદાન છે ત્યારે સ્વ. શાંતાબા ઘણા વર્ષોથી શ્રાવણ માસ પુરો થતાં ભાદરવી અમાસને દિવસે રાત્રે સુખનાથ મહાદેવના મંદિરમાં સત્યનારાયણની કથાનુ આયોજન હોય છે. ત્યારે આજે સ્વ. શાંતાબાની ગેરહાજરીમાં પણ સંઘાણી પરિવારે જાળવી રાખેલ છે. તેમાં દિલીપભાઈ સંઘાણી કથામાં હાજર રહેલ ત્યારે જયંતિભાઈ, કાળુભાઈ, જયસુખભાઈ, મુકેશભાઈ તથા વિજયભાઈ અને સંઘાણી પરિવારે અને સુખનાથ મહાદેવના ભકતોએ પણ કથાનો લાભ લીધેલ અને ધન્યતા અનુભવી જયંતિભાઈના દિકરના ભાવેશભાઈ તથા ધર્મપત્ની કિર્તીબેન પુજામાં બેઠેલ તેમ અરવિંદભાઈ જાની (જાનીદાદા)ની યાદી જણાવે છે.

### શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણીની ઉપસ્થિતિમાં

## બાબરાની વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં ગણેશોત્સવની ઉજવણી

### શાળા પરિવાર અને બાળકોએ ગણેશ વંદના કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા


બાબરા, તા. ૨૭

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણી સહિતના સ્ટાફ અને વિધાર્થીઓ દ્વારા ગણેશ વંદના કરાઈ.બાબરામાં વી.એલ.ગેલાણી વિદ્યાલયમાં ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળા દ્વારા ધામધૂમથી ગૌરી નંદન ગણેશની સ્થાપના કરવામાં આવી હતી અને મહાઆરતી કરવામાં આવી હતી. શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણી સહિતના સ્ટાફ અને વિધાર્થીઓ દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી.

### ગરીબોના ઘરના ઘરનું સપનું થશે સાકાર

## સાવરકુંડલા : પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૬૧ નવા આવાસો માટે રૂા. ૭.૫૬ કરોડ મંજૂર

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા ધારાસભ્ય કસવાલા




સાવરકુંડલા, તા. ૨૭

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ સાવરકુંડલા શહેર માટે કુલ ૧૬૧ આવાસોને મંજૂરી આપવામાં આવી છે. આ નવા આવાસો ગરીબ પરિવારોને ઘરનું ઘર પુરૂ પાડવાના સ્વપ્નને સાકાર કરશે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે ''મુખ્યમંત્રીએ સાવરકુંડલાના ગરીબ અને જરૂીરયાતમંદ પરિવારો માટે ઘરની સુવિધા પૂરી પાડીને સંવેદનશીલતા દાખવી છે. આ નિર્ણયથી અનેક પરિવારોના જીવનમાં ખુશી આવશે અને તેમને સુરક્ષિત આશ્રય મળશે.''


આ યોજના હેઠળ શહેરના ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને રહેઠાણ માટેની સુવિધા મળશે, જે તેમના જીવનધોરણને સુધારવામાં મદદ કરશે. આ પ્રોજેકટ ઝડપી અમલીકરણ માટે પણ કાર્યકારી તંત્ર સક્રિય બન્યુ છે.

આ યોજના હેઠળ, રાજય સરકારે ફેઝ–૧માં ૧૦૫ આવાસ અને ફેઝ–૨માં ૫૬ આવાસ, એમ કુલ ૧૬૧ આવાસો માટે રૂા. ૭.૫૬ કરોડની રકમ મંજૂર કરી છે. તે બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આભાર માન્યો હતો.

### માચ્છીમારોની સુરક્ષા અને પ્રશ્નો ઉભા થયા

## જાફરાબાદ પંથકના ૯ ખલાસીઓની યુદ્ધનાં ધોરણે શોધખોળ શરૂ

### ભારે પવન અને ઉંચા મોજાથી રાહત–બચાવમાં રૂકાવટ



અમરેલી, તા. ૨૭

જાફરાબાદ નજીક દરિયામાં બનેલી બોટ દુર્ઘટનાએ ફરી એકવાર સાગરખેડુતોની સુરક્ષા અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. મળતી માહિતી અનુસાર, જાફરાબાદ બંદરથી માછીમારી માટે નીકળેલી બોટ તીવ્ર પવન અને મોજાંને કારણે પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં બોટમાં સવાર કુલ ૧૧ ખલાસીઓમાંથી ૨ લોકોને સમયસર બચાવી લેવામાં આવ્યા છે, જયારે બાકીના ૯ ખલાસીઓ હજુ સુધી લાપતા છે. કિનારે આવેલા અન્ય માછીમારો અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા સતત શોધખોળની કામગીરી ચાલી રહી છે, પરંતુ દરિયામાં ભારે પવન તથા ઉંચા મોજાંને કારણે રાહત બચાવ અભિયાનમાં મુશ્કેલીઓ આવી રહી છે.

આ ઘટનાની જાણ થતાં જ ગુજરાત સરકારના મંત્રી કુંવરજી બાવળીયા જાફરાબાદ પહોંચ્યા હતા. તેમણે પીડિત પરિવારજનોને મળીને સાંત્વના આપી હતી અને સરકાર તેમના સાથે છે તેવો વિશ્વાસ આપ્યો હતો. તેમણે કહ્યું કે, દરિયામાં માછીમારી કરતા સાગર ખેડુતોના જીવનની સુરક્ષા માટે રાજય સરકાર તરફથી શકય તમામ પગલાં લેવામાં આવશે. સાથે જ, કોસ્ટગાર્ડ તથા નેસેનાના સહકારથી ઝડપથી લાપતા ખલાસીઓને શોધવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

જાફરાબાદ તથા આસપાસના માછીમારોમાં આ દુર્ઘટના બાદ ભારે ચિંતા ફેલાઈ છે. માછીમારોના સંગઠનોએ સરકારને આગ્રહ કર્યો છે કે દરિયાઈ સલામતી સાધનો વધુ પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવે અને બોટોમાં સુરક્ષા સાધનો ફરજિયાત કરવામાં આવે. હાલ તંત્ર દ્વારા દરિયામાં શોધખોળ નું કાર્ય યુદ્ધસ્તરે ચાલુ રાખવામાં આવ્યું છે, પરંતુ હજુ સુધી લાપતા ૯ ખલાસીઓનો કોઈ પત્તો લાગ્યો નથી. આ દુર્ઘટનાએ સમગ્ર જિલ્લામાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

## અમરેલી જિલ્લમાં ૨૯ ઓગષ્ટે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં આરોગ્ય વિભાગ ધ્વારા તા. ૨૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ''સર્વ રોગ નિદાન કેમ્પ ''નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારના ૯ થી વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે.

આ વિશાળ આરોગ્ય કેમ્પ જિલ્લામાં આવેલા તમામ સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) તેમજ આયુષ્યમાન આરોગ્ય મંદિરોમાં યોજવામાં આવશે. આ અવસરે સામાન્ય રોગ ચાળાથી લઈને ગંભીર બીમારીઓની તપાસ, નિદાન અને સારવારની સુવિધા મફતમાં ઉપલબ્ધ રહેશે.

કેમ્પ દરમિયાન નિષ્ણાંત તબીબો ધ્વારા વિવિધ તપાસો, દવાઓનું વિતરણ તેમજ આરોગ્ય સલાહ આપવામાં આવશે. ખાસ કરીને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ, આંખની ચકાસણી, સ્ત્રીરોગ, બાળરોગ તેમજ અન્ય જરૂરી ચકાસણીઓ માટે અલગ–અલગ વિભાગો કાર્યરત રહેશે.

જિલ્લા આરોગ્ય વિભાગે જાહેર જનતાને આ અનોખી તકનો લાભ લેવા નમ્ર અપીલ કરી છે. આરોગ્ય ચકાસણી ધ્વારા વહેલી તકે રોગની ઓળખ થાય તો યોગ્ય સારવાર સરળતાથી મળી રહી છે. તેથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના નાગરિકોને પોતાના નજીકના આરોગ્ય કેન્દ્રમાં હાજરી આપવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

આ કેમ્પનો મુખ્ય હેતુ ' 'સ્વસ્થ સમાજ –સ્વસ્થ જિલ્લા'' નિર્માણ કરવાનો છે.

## સા.કુંડલા ખાતે ગ્રાહક સુરક્ષા મંડળનો જાગૃતિ સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલામાં આવેલા વાઝાં દરજી સમાજની જ્ઞાતિ વાડી ખાતે નારી શકિત ઉત્થાન ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા એક ગ્રાહક અધિકાર વિષય અંતર્ગત સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા એક સેમિનારનું આયોજન થયું જેમાં હાલ દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા હોય ત્યારે બઝારમાંથી ખરીદી કરતી વખતે ખરીદીમાં છેતરપિંડીનો ભોગ ન બનાય એ માટે બહેનોએ કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ એ સંદર્ભે ગ્રાહક તરીકેના તેના અધિકારો સંદર્ભે જાગૃત કરવાના આશયથી ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા એક ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં ઉપસ્થિત તમામનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાની ટીમ દ્વારા ગ્રાહક સુરક્ષા અંતર્ગત વિવિધ મુદ્દાઓની તલસ્પર્શી છણાવટ કરવામાં આવી હતી.

આ સેમિનારમાં ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના રમેશભાઈ હિરાણી, ડો. રવિભાઈ મહેતા અને બિપીનભાઈ પાંધીએ ગ્રાહક સુરક્ષા અધિકાર સંદર્ભે તલસ્પર્શી માહિતી આપી ઉપસ્થિત બહેનોને ગ્રાહક તરીકેના પોતાના અધિકારો સંદર્ભ જાગૃત કર્યા હતાં અને વિશેષમાં જણાવ્યું હતું કે જો ગ્રાહક તરીકે વ્યકિત જાગૃત બને તો કોઈ પણ સમયે કોઈ પણ વસ્તુ ખરીદી કરતી વખતે છેતરપિંડીનો ભોગ ન બને તેમજ આ સંદર્ભે સેમિનારમાં ઉપસ્થિત તમામ બહેનોને ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને અંતે નારી શકિત ઉત્થાન ટ્રસ્ટ સાવરકુંડલાના યશોધરાબેન પંડ્યા દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નારી શકિત ઉત્થાન ટ્રસ્ટની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સાવરકુંડલામાં સદ્ભાવના ગૃપ દ્વારા આસ્થાભેર ગણેશોત્સવનો પ્રારંભ

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાં ગણેશ મહોત્સવ એટલે સદ્ભાવના ગ્રુપ એવી સચોટ સંકલ્પના સાકાર કરનાર સદભાવના ગ્રુપ દ્વારા પ.પૂ.ઉષામૈયા (શિવ દરબાર આશ્રમ કાનાતળાવ)ના આશીર્વાદથી આ વર્ષે પણ ગણેશ મહોત્સવ – ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ૧૧દિવસના કાર્યક્રમ અંતર્ગત રોજ સાંજે ૫–૩૦ થી ગણેશ મહોત્સવ અંતર્ગત અહીં સાવરકુંડલા ખાતે આવેલ જે. વીમોદી હાઈસ્કૂલના મેદાનમાં દર્શનનો લ્હાવો લેવાનો અવસર પ્રાપ્ત થશે. જો દિવસ વાર વાત કરીએ તો સદભાવના ગ્રુપ દ્વારા આયોજિત ગણેશોત્સવ નિમિત્તે દરરોજ વિવિધ કાર્યક્રમો પૈકી આગમન શોભાયાત્રા, સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમવાર ફાયર શો તથા લાઈટિંગ શો, છપ્પન ભોગ, સત્યનારાયણ ભગવાનની કથા, ઓપરેશન સિંદૂર થીમ, ભાતીગળ થીમ, હનુમાન ચાલીસા, વૃંદાવન +જતીપુરા ( ગીરીરાજની પરિક્રમા), બ્લડ ડોનેશન કેમ્પ, ચોકલેટ થીમ, બલૂન ડેકોરેશન, ગણપતિ પેઈન્ટિંગ + માટીના ગણપતિ સ્પર્ધા, દિપમાળા, સાંસ્કૃતિક કાર્યક્રમ + દાતાનું સન્માન, લખપતિ ગણપતિ, લાઈટિંગ થીમ, મહાઆરતી અને વિસર્જન શોભાયાત્રા જેવા વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાશે.

આજરોજ બુધવારે રિપ્રિધ સિપ્રિધ મંદિરથી ગણેશજીનુ ભવ્ય સ્વાગત સાથે ગણેશ મહોત્સવ – ૨૦૨૫ નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. સાધુ સંતોના સાનિધ્યમાં ૧૫૦૦ લોકો સાથે મહાઆરતીનો કાર્યક્રમ તારીખ ૬–૯–૨૫ શનિવારે સાંજે ૬ કલાકે યોજાશે.. તો શોભાયાત્રા ૬–૯–૨૫ને સાંજે ૭–૩૦ વાગ્યે વાજતે ગાજતે યોજાશે. આમ અગિયાર દિવસના ભરચક કાર્યક્રમો દ્વારા સદભાવના ગ્રુપ દ્વારા આયોજિત ગણેશોત્સવ સમગ્ર સાવરકુંડલાને ગણેશમય બનાવશે. ભાવિકોએ તમામ કાર્યક્રમોનો લ્હાવો લેવા સદભાવના ગ્રુપદ્વારા જાહેર નિમંત્રણ પણ પાઠવવામાં આવેલ છે. વિશેષમાં વાત કરીએ તો સદભાવના ગ્રુપ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે જે પૈકી એમ્બ્યુલન્સ સેવા, મેડિકલ સાધનો, ઓક્સિજન કિટ, બ્લડ હેલ્પ લાઈન, અંતિમ ક્રિયા કિટ, ડેડ બોડી ફ્રીજર, શબ ચોકી મોક્ષ રથ જેવી સમાજોપયોગી સેવાઓ આ ગ્રુપ દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

## વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં મોટા આંકડીયામાં "આમ આદમી પાર્ટી"ની જનસભા યોજાઈ

**"આપ"નાં ધારાસભ્યએ ભાજપનાં રાજમાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને વેપારીઓને થતી પરેશાનીનું વર્ણન કર્યુ**

**આગામી પંચાયતથી લઈને તમામ ચૂંટણીમાં "આપ"ને મત આપીને વિજેતા બનાવવા હાંકલ કરી**

**ભાજપનાં અનેક કાર્યકરોએ "આપ"નો ખેસ ધારણ કર્યાનો પણ દાવો કરાયો**

**"આપ"નાં ધારાસભ્યએ જિલ્લાનો પ્રવાસ શરૂ કરતાં રાજકીય ગરમાવો શરૂ થયો**



અમરેલી, તા. ૨૭

અમરેલીના મોટા આંકડીયા ગામે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા ભવ્ય જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જનસભા ગુજરાત જોડો અભિયાન અંતર્ગત યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સહિત પ્રદેશ સ્તરના તેમજ સ્થાનિક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં હાજર રહેલા નેતાઓએ ભાજપ સરકાર પર કરેલા આકરા પ્રહારોમાં જણાવ્યું કે, રાજયમાં ભ્રષ્ટાચાર, બેરોજગારી અને ખેડૂતોના પ્રશ્નો ઊભા થયા છે, પરંતુ સરકાર મૌન છે. લોકો આ ત્રાસથી કંટાળી ગયા છે અને હવે પરિવર્તનની આશા સાથે આપ તરફ વળી રહ્યા છે.

વધુમાં કહ્યું કે, ગુજરાતમાં સાચી વિકલ્પરૂપ રાજનીતિની જરૂર છે અને આ માટે આપ મજબૂત રીતે ઉભરી રહી છે. તેમણે ખાસ કરીને અમરેલી જિલ્લાના ખેડૂતો, માચ્છીમારો અને યુવાનોના પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેઓએ વચન આપ્યું કે જો જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં આપને બહુમતી મળશે તો પારદર્શક અને વિકાસલક્ષી રાજકારણ દ્વારા લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવશે.

આ પ્રસંગે સ્થાનિક સ્તરે અનેક લોકો ભાજપ છોડીને આપમાં જોડાયા હતા. સભાસ્થળે લોકોની વિશાળ હાજરીથી ઉત્સાહજનક વાતાવરણ સર્જાયું હતું. ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી નેતાઓને આવકાર્યા હતા અને પરિવર્તનની માંગને મજબૂતી આપી હતી.

આપના જિલ્લા નેતાઓએ જણાવ્યું કે આવનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ઘરો સુધી પહોંચી લોકોની સમસ્યાઓ સાંભળવાની અને ઉકેલ લાવવાની દિશામાં અભિયાન શરૂ કરવામાં આવશે.

મોટા આંકડીયા ગામની આ સભાએ આપના કાર્યકરોમાં નવો જુસ્સો અને આત્મવિસ જગાડયો છે, જે ચૂંટણી પૂર્વે પક્ષ માટે મહત્વનો માઈલસ્ટોન સાબિત થઈ શકે છે.

### વીજ ગ્રાહકોને ભાવનગર જવામાંથી છુટકારો

## અમરેલી જિલ્લાનાં વીજ ગ્રાહકોને પડતી મુશ્કેલી નિવારવા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ શરૂ


**કોર્ટમાં પેંડિગ, કલમ ૧૨૫, કલમ ૧૩૫નાં કેસ ચાલશે નહીં**

અમરેલી, તા. ૨૭

પશ્ચિમ ગુજરાત વિજ કંપની દ્વારા વિજ વપરાશ ધરાવતા ગ્રાહકોના પ્રશ્નો તાત્કાલિક હાલ થાય તેમજ ગ્રાહકો અને પી.જી.વી.સી.એલ. વચ્ચે કાયમી સંવાદ અને સમાધાન જળવાય રહે, તે માટે અમરેલી જિલ્લાના ગ્રાહકો માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ શરૂ કરવામાં આવેલ છે. આ ફોરમ અત્યાર સુધી ભાવનગર શરૂ હતું. હવે અમરેલી ખાતે શરૂ કરેલ છે.

ઘર વપરાશ અને ખેતીવાડી વિજ કનેકશન ધરાવતા લોકોને વિજ કનેકશન માંગણી બાબતે સમસ્યા, વિજ મીટરની સમસ્યા, વિજ લાઈનમેન્ટેન્સ, ગ્રાહકોના નામ ટ્રાન્સફરનાં પ્રશ્નો જેવા પ્રશ્નો પ્રથમ સ્થાનિક નાયબ ઈજનેરની કચેરી ત્યાર બાદ કાર્યપાલક ઈજનેરની કચેરીએ રજૂઆત કરવા છતાં પ્રશ્નનું નિવારણ ન થતું હોય તેવા કિસ્સામાં કન્વીનર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. સર્કલ કચેરી ચિતલ રોડ અમરેલીને લેખિત રજૂઆત કરવાથી અરજદાર અને અધિકારીની રૂબરૂમાં પ્રશ્નોના નિરાકરણની દિશામાં કાર્યવાહી કરવામાં આવે છે. આ ફોરમમાં કોર્ટમાં ચાલતા કેસ અને વિજ ચોરીની કલમ ૧૨૬ અને કલમ ૧૩૫નાં કેસો સાંભળવામાં આવતા નથી. આ સિવાય ગ્રાહકોને પડતી અગવડતા બાબતનાં કેસો સાંભળી નિરાકરણ કરવામાં આવે છે.

## ખાંભા શહેરમાં વિઘ્નહર્તા ગણેશજીની ઠેર ઠેર સ્થાપના



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૨૭

ખાંભા શહેરમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી ખાંભામાં વિઘ્નહર્તા ગણેશજીની ઠેર ઠેર વાજતે ગાજતે ગણેજીની સ્થાપના કરવામાં આવી હતી ગણેજીની પુજન અર્ચના આરતી કરી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી અને દસ દિવસ વિઘ્નહર્તા ગણેશજીની પૂજા અર્ચના કરવામાં આવશે અને મહા આરતી કરવામાં આવશે ખાંભ શહેરના સેવા ભાવિ એડવોકેટ રાજુભાઈ હરિયાણા ઘરે છેલ્લા ૨૧ વર્ષથી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે અને દરરોજના માટે પૂજા અર્ચના કરવામાં આવે છે.

### ડ્રાઈવર અનવર કાતિયારે ૩૨ કલાક સતત ગાડી ચલાવી

## જાફરાબાદની નર્મદા કંપનીના સિક્યુરિટીની પત્નીના મૃતદેહને ૩૨ કલાકમાં યુપીના બરેલી પહોંચાડયુ

**મુસ્લિમ સમાજ ટ્રસ્ટ દ્વારા માનવતાભર્યુ કાર્ય**

જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદની નર્મદા સિમેન્ટ કંપનીમાં સિકયુરિટી તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર મિશ્રાના પત્નીનું અગમ્ય કારણોસર મોત નિપજતા જાફરાબાદ સિવિલ હોસ્પિટલમાં મૃતકનું પી.એમ. કરાવીને મૃતકના શબને ઉતરપ્રદેશના બરેલી તાલુકાના શહેઝાદપૂર ખાતે મૂકવા માટે મુસ્લિમ સમાજ ટ્રસ્ટ દ્વારા પ્રમુખ જાહિદખાન પઠાણ, ઉપપ્રમુખ ઈરફાનભાઈ સરવૈયા દ્વારા એમ્બ્યુલન્સના ડ્રાઈવર અનવરભાઈ કાતિયારને જવાબદારી સોંપતા ૧૫૦૭ કિલોમીટર દૂર આવેલ મૃતકના વતનમાં ૩૨ કલાક સતત એમ્બ્યુલન્સ ગાડી ચલાવીને મૃતકની અંતિમક્રિયા માટે શબને પહોંચાડયું હતું. ત્યારે ડ્રાઈવર અનવર કાતિયારની કામગીરીને બિરદાવવામાં આવેલ હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.




જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited | E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45


















### યજમાન શહેર બનશે અમદાવાદ

# મંત્રીમંડળે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ભારતની દાવેદારીને આપી મંજૂરી

**મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કોમનવેલ્થ ગેમ્સ માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી**

નવી દિલ્હી, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કોમનવેલ્થ ગેમ્સ (CWG) ૨૦૩૦ માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. તેણે સંબંધિત મંત્રાલયો, વિભાગો અને સત્તાવાળાઓ તરફથી જરૂરી ગેરંટી સાથે યજમાન સહયોગ કરાર (HCA) પર હસ્તાક્ષર કરવા અને બિડ સ્વીકારાય તો ગુજરાત સરકારને જરૂરી ગ્રાન્ટ-ઈન-એઈડ મંજૂર કરવાની મંજૂરી પણ આપી હતી.

કોમનવેલ્થ ગેમ્સમાં ૭૨ દેશોના ખેલાડીઓ ભાગ લેશે. તેમાં રમતો દરમિયાન ભારતની મુલાકાત લેનારા રમતવીરો, કોચ, ટેકનિકલ અધિકારીઓ, પ્રવાસીઓ, મીડિયા કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ભાગ લેવાનો પણ સમાવેશ થશે, જેનાથી સ્થાનિક વ્યવસાયોને ફાયદો થશે અને આવક થશે.

અમદાવાદ એક આદર્શ યજમાન શહેર છે જે વિશ્વ કક્ષાના સ્ટેડિયમ, અત્યાધુનિક તાલીમ સુવિધાઓ અને ઉત્સાહી રમતગમત સંસ્કૃતિ પ્રદાન કરે છે. વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, ૨૦૨૩ ICC ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલનું સફળતાપૂર્વક આયોજન કરીને તેની ક્ષમતા દર્શાવી ચૂક્યું છે.

રમતગમત ઉપરાંત, ભારતમાં ઝઉચ્નું આયોજન પ્રવાસનને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવા અને લાખો યુવા રમતવીરોને પ્રેરણા આપવા માટે કાયમી અસર છોડશે. આ ઉપરાંત, રમતગમત વિજ્ઞાન, ઈવેન્ટ ઓપરેશન્સ અને મેનેજમેન્ટ, લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટ કોઓર્ડિનેટર, બ્રોડકાસ્ટ અને મીડિયા, IT અને કોમ્યુનિકેશન, જનસંપર્ક અને કોમ્યુનિકેશન અને અન્ય ક્ષેત્રોમાં પણ મોટી સંખ્યામાં વ્યાવસાયિકોને તકો મળશે.આવા વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની મજબૂત ભાવનાને પ્રોત્સાહન આપશે. તે એક વહેંચાયેલ રાષ્ટ્રીય અનુભવ પ્રદાન કરશે અને આપણા રાષ્ટ્રનું મનોબળ વધારશે. તે રમતવીરોની નવી પેઢીને કારકિર્દીના વિકલ્પ તરીકે રમતગમતમાં પ્રવેશવા માટે પ્રેરણા આપશે અને તમામ સ્તરે રમતગમતમાં વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરશે.

આવી મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવના જગાડશે. દેશના તમામ ભાગોમાંથી લોકો આ ઈવેન્ટમાં ભાગ લેશે જે આપણા રાષ્ટ્રનું મનોબળ વધારશે. તે રમતવીરોની નવી પેઢીને રમતગમતને કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવવા અને તમામ સ્તરે રમતગમતમાં વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવા પ્રેરણા આપશે.તમને જણાવી દઈએ કે, ભારતે ૨૦૧૦ માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. આ ગેમ્સ નવી દિલ્હીમાં યોજાઈ હતી, જેમાં ભારતે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

૨૦૨૬ માં, કોમનવેલ્થ ગેમ્સ સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાશે. વર્ષ ૨૦૨૨ માં, ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં ઝઉચ્નું આયોજન કરવામાં આવ્યું હતું.

### રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું

# ભારત ક્યારેય યુદ્ધ શરૂ નથી કરતું, પરંતુ જ્યારે ચેલેન્જ મળે ત્યારે જોરદાર જવાબ આપે છે

**રાજનાથ સિંહે મધ્યપ્રદેશના ઇન્દોર જિલ્લાના મહુમાં સ્થિત આર્મી વોર કોલેજ ખાતે ત્રિ-સેવા સેમિનારમાં વાત કરી**

ઈન્દોર, તા.૨૭

રક્ષામંત્રી રાજનાથ સિંહે યુદ્ધના બદલાતા સ્વરૂપ પર ખુલીને વાત કરી છે અને કહ્યું છે કે ભવિષ્યના યુદ્ધો ટેકનોલોજી અને રાજદ્વારીનું મિશ્રણ હશે. રાજનાથ સિંહે મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લાના મહુમાં સ્થિત આર્મી વોર કોલેજ ખાતે યુદ્ધ, યુદ્ધ અને યુદ્ધ કામગીરી પર બે દિવસીય ખાસ રણ સંવાદ-૨૦૨૫ ત્રિ-સેવા સેમિનાર કાર્યક્રમમાં આ બધી વાતો કહી હતી. મહુની આર્મી વોર કોલેજ ખાતે આયોજિત રણ સંવાદ ત્રિ-સેવા સેમિનાર કાર્યક્રમમાં ત્રણેય સેનાઓના ટોચના નેતૃત્વ તેમજ પ્રખ્યાત સંરક્ષણ નિષ્ણાતો, સંરક્ષણ ઉદ્યોગના વડાઓ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા વ્યાવસાયિકોએ હાજરી આપી હતી. આ દરમિયાન, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લોકોને સંબોધિત કરતા કહ્યું કે ભવિષ્યના યુદ્ધો ફક્ત શસ્ત્રોની લડાઈ નહીં હોય, પરંતુ ટેકનોલોજી, ગુપ્તચર, અર્થતંત્ર અને રાજદ્વારીનું મિશ્રણ હશે.

આ પ્રસંગે, રાજનાથ સિંહે ભવિષ્યના યુદ્ધોની પ્રકૃતિ પર એક મહત્વપૂર્ણ આગાહી કરી અને સ્પષ્ટ કર્યું કે ભારત ક્યારેય યુદ્ધ શરૂ કરતું નથી, પરંતુ જો કોઈ દેશ ભારતને પડકાર આપે છે, તો દેશ સારી રીતે જાણે છે કે તેનો યોગ્ય જવાબ કેવી રીતે આપવો. સમાચાર એજન્સી છદ્ગૈં માં પ્રકાશિત અહેવાલ મુજબ, રાજનાથ સિંહે કહ્યું કે ભારત ક્યારેય યુદ્ધ શરૂ કરવાનો દેશ રહ્યો નથી કે તેણે કોઈની સામે આક્રમકતા દર્શાવી નથી. પરંતુ વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિમાં, જો કોઈ આપણને પડકાર આપે છે, તો તેનો કડક જવાબ આપવો જરૂરી છે. આપણો ઈરાદો શાંતિપૂર્ણ છે, પરંતુ આપણી તાકાત નબળી નથી.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે આજનો યુગ જટિલ અને બહુ-ડોમેન યુદ્ધો દ્વારા વ્યાખ્યાયિત થયેલ છે, જ્યાં યુદ્ધનો કોઈ નિશ્ચિત પ્રણાલી કે સિદ્ધાંત નથી. રાજનાથ સિંહે ભવિષ્યવાણી કરી હતી કે આધુનિક યુદ્ધોમાં ટેકનોલોજીકલ પ્રગતિ અને વ્યૂહાત્મક રાજદ્વારી નિર્ણાયક ભૂમિકા ભજવશે. ડ્રોન, સાયબર હુમલા અને AI-આધારિત નિર્ણય લેવાની પ્રક્રિયા જેવા સાધનોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ યુદ્ધક્ષેત્રને વધુ જટિલ બનાવી રહ્યા છે. તેમણે સશસ્ત્ર દળોને આધુનિક ટેકનોલોજી અપનાવવા અને વૈશ્વિક પડકારો માટે હંમેશા તૈયાર રહેવા હાકલ કરી.

રાજનાથ સિંહે ભારતની આત્મનિર્ભરતા પર પણ ભાર મૂકતા કહ્યું કે ભારત હવે સંરક્ષણ ક્ષેત્રમાં વિશ્વસનીય નિકાસકાર બની રહ્યું છે. તેજસ, આકાશ મિસાઈલ સિસ્ટમ અને સ્વદેશી વિમાનવાહક જહાજ જેવા સ્વદેશી પ્લેટફોર્મ આનો પુરાવો છે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે ભારત પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ અને જેટ એન્જિનના ઉત્પાદન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સંરક્ષણ ઉત્પાદન ૨૦૧૪માં રૂ. ૪૬,૪૨૫ કરોડથી વધીને રૂ. ૧.૫ લાખ કરોડથી વધુ થયું છે, અને નિકાસ રૂ. ૧,૦૦૦ કરોડથી વધીને રૂ. ૨૪,૦૦૦ કરોડ થઈ છે.

### SBI ના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

# અમેરિકાના નવા ટેરિફથી ભારત જ નહીં પણ અમેરિકાને પણ થશે ભારે નુકસાન

**અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય માલ પર ૫૦% ટેરિફ લાદીને પરિસ્થિતિ વધુ વણસાવી છે**

નવી દિલ્હી, તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય માલ પર કુલ ૫૦% નો ટેરિફ લાગુ કર્યો છે. જોકે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટ મુજબ, આ પગલાથી ભારતને નહીં પરંતુ અમેરિકાની પોતાની અર્થવ્યવસ્થાને જ ગંભીર નુકસાન થશે. આ ઊંચા ટેરિફના કારણે અમેરિકામાં મોંઘવારી વધશે અને આર્થિક વિકાસને મોટો ફટકો પડશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫% બેઝ ટેરિફ અને રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ વધુ ૨૫% દંડ લાદ્યો છે, જેના કારણે કુલ ટેરિફ ૫૦% થઈ ગયો છે. SBI ના એક રિપોર્ટ મુજબ, આ નિર્ણય અમેરિકા માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે. આ ટેરિફના કારણે અમેરિકાનો GDP વૃદ્ધિ દર ૪૦ થી ૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટી શકે છે, અને મોંઘવારી પણ ખૂબ વધશે. આ ટેરિફની અસર ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ જેવા ક્ષેત્રો પર થશે, જે આયાત પર નિર્ભર છે. SBI ના રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે ભારત પર ઊંચો ટેરિફ લાદવાથી અમેરિકાની પોતાની અર્થવ્યવસ્થાને જ નુકસાન થશે. નવા ટેરિફને કારણે અમેરિકાનો કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર ૪૦ થી ૫૦ બેસિસ પોઈન્ટ્સ સુધી ઘટી શકે છે. આ ઉપરાંત, નબળા અમેરિકી ડોલર અને ઉત્પાદન ખર્ચમાં વધારાને કારણે દેશમાં મોંઘવારી પણ મોટા પ્રમાણમાં વધશે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૬ માટે અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા ૨% મોંઘવારીનો જે અંદાજ મૂકવામાં આવ્યો છે, તે આ નવા ટેરિફના કારણે ઘણો ઊંચો રહી શકે છે. આર્થિક વિશ્લેષકોનું માનવું છે કે ટ્રમ્પનો આ નિર્ણય અર્થતંત્રને ગતિ આપવાને બદલે તેને મંદી તરફ ધકેલી શકે છે.

અમેરિકાએ લગભગ $45 બિલિયનના ભારતીય માલ પર ટેરિફ લાદ્યો છે, જેમાં કાપડ, રત્ન અને ઘરેણાં જેવા શ્રમ-આધારિત ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જોકે, દવાઓ, સ્ટીલ અને સ્માર્ટફોન જેવા ઉત્પાદનોને આ ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે. SBI ના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે જો $44 બિલિયનની ભારતીય નિકાસ પર આ ૫૦% ટેરિફ લાગુ રહે છે, તો વોશિંગ્ટનની ભારત સાથેની વેપાર ખાધમાં વધારો થઈ શકે છે. જોકે, રિપોર્ટમાં આશા વ્યક્ત કરવામાં આવી છે કે વેપાર વાટાઘાટો દ્વારા આ સ્થિતિ સુધારી શકાય છે અને પરસ્પર સહયોગથી નિકાસને પુનઃસ્થાપિત કરી શકાય છે. ટ્રમ્પ પ્રશાસનનો આ નિર્ણય તેના 'અમેરિકા ફર્સ્ટ' ના નારા સાથે સુસંગત લાગે છે, પરંતુ તેના પરિણામો દેશની અર્થવ્યવસ્થા માટે વિપરીત અને આત્મઘાતી સાબિત થઈ શકે છે.

### ટ્રમ્પે આગળ વધુ ટેરિફ લગાવવાની ધમકી આપતા કહ્યું

# તમારા પર એટલો વધુ ટેરિફ લગાવી દઈશું કે તમારું માથું ઘૂમી જશે

**ટ્રમ્પે આગળ વધુ ટેરિફ લગાવવાની ધમકી આપતા કહ્યું કે હું તમારી સાથે કોઈ વેપાર સમજૂતિ કરવા માંગતો નથી**

વોશિંગ્ટન, તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી થોપવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ આજથી ભારતમાં લાગૂ. આ અગાઉ ટ્રમ્પે એકવાર ફરીથી ભારત અને પીએમ મોદીની મજાક ઉડાવવાની કોશિશ કરી. ટેરિફ લાગૂ થતા પહેલા વોશિંગ્ટનમાં મીડિયાકર્મીઓ સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે હું એક ખુબ જ શાનદાર વ્યક્તિ, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાત કરી રહ્યો છું. મે તેમને પૂછ્યું કે તમારા અને પાકિસ્તાન વચ્ચે શું થઈ રહ્યું છે. નફરત ખુબ વધુ છે. ખુબ લાંબા સમયથી આ ચાલી રહ્યું છે. ક્યારેક ક્યારેક તો સેંકડો વર્ષોથી અલગ અલગ નામોથી. ટ્રમ્પે આગળ વધુ ટેરિફ લગાવવાની ધમકી આપતા કહ્યું કે હું તમારી સાથે કોઈ વેપાર સમજૂતિ કરવા માંગતો નથી. તમે લોકો પરમાણુ યુદ્ધમાં ગૂંચવાઈ જશો. મે કહ્યું કે કાલે મને ફરીથી ફોન કરજો, પરંતુ તમારી સાથે કોઈ સમજૂતિ નહીં કરીએ. તમારા પર એટલો વધુ ટેરિફ લગાવી દઈશું કે તમારું માથું ઘૂમી જશે. ભારત અને પાકિસ્તાનમાં સંઘર્ષવિરામની ક્રેડિટ લેતા ટ્રમ્પે કહ્યું કે, લગભગ પાંચ કલાકની અંદર, આ થઈ ગયું. હવે કદાચ તે ફરીથી શરૂ થઈ જાય. મને નથી ખબર. મને નથી લાગતું પરંતુ જો આમ થયું તો હું તેને રોકી દઈશ. આપણે આવી ચીજો થવા દઈ શકીએ નહીં. વિદેશી રાષ્ટ્રો તેમની સામે ઝૂકી જવા પર એકવાર ફરીથી ડંફાસ મારતા ટ્રમ્પે કહ્યું કે આપણે યુનાઈટેડ કિંગડમ, ચીન, ઈન્ડોનેશિયા, વિયેતનામ, ફિલિપાઈન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, યુરોપીયન સંઘ સાથે ઐતિહાસિક વેપાર સમજૂતિ કરી છે. વિદેશી રાષ્ટ્રો હવે આપણા ખજાનામાં સીધા સેંકડો અબજો ડોલરની ચૂકવણી કરી રહ્યા છે. આપણને ખરબો ડોલર મળી રહ્યા છે, અબજોથી પણ ઘણા વધુ.

અત્રે જણાવવાનું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે શરૂઆતમાં ભારત પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી પરંતુ ત્યારબાદ તેને વધારીને ૫૦ ટકા કરી. આ વધેલો ટેરિફ આજથી લાગૂ થઈ જશે. જેના કારણે ભારતથી અમેરિકા નિકાસ થનારા ઉત્પાદનો અન્ય ઉત્પાદનોની સરખામણીમાં મોંઘા થશે. જેના લીધે તેને ત્યાં વેચવા મુશ્કેલ બનશે. આ પગલાંથી ભારતની નિકાસને ફટકો પડી શકે છે.

### વનડે રેન્કિંગમાં દબદબો

# ટોપ ૫માંથી ૩ ભારતના, વિરાટથી આગળ નીકળ્યો બાબર આઝમ

**બીજી તરફ તાજેતરમાં મેકેમાં સીરિઝની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રેકોર્ડ જીત બાદ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પણ ફાયદો થયો છે**

નવી દિલ્હી, તા.૨૭

ICC ના તાજેતરના રેન્કિંગમાં શુભમન ગિલ અને રોહિત શર્મા બેટ્સમેનોની યાદીમાં ટોપ પર યથાવત છે, જ્યારે વિરાટ કોહલી ચોથા નંબર પર છે. બીજી તરફ તાજેતરમાં મેકેમાં સીરિઝની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રેકોર્ડ જીત બાદ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પણ ફાયદો થયો છે. જોકે, દક્ષિણ આફ્રિકાએ સીરિઝ જીતી લીધી હતી. ગિલ (૭૮૪ રેટિંગ પોઈન્ટ) અને રોહિત (૭૫૬) અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને યથાવત છે, જ્યારે પાકિસ્તાનનો બાબર આઝમ (૭૩૯) ટોપ ૩માં સામેલ છે. કોહલીના ૭૩૬ પોઈન્ટ છે.

ભારતીય ટીમે તાજેતરના મહિનાઓમાં વનડેમાં હિસ્સો નથી લીધો, પરંતુ બોલરોની તાજેતરની વનડે રેન્કિંગમાં કુલદીપ યાદવ (૬૫૦) અને રવિન્દ્ર જાડેજા (૬૧૬) હજુ પણ અનુક્રમે ત્રીજા અને નવમા નંબર પર છે. રોહિત અને કોહલીએ T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે પરંતુ તેઓ બંને વનડે ફોર્મેટમાં સક્રિય છે. રોહિત અને કોહલી બંનેએ છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૫માં સંયુક્ત આરબ અમીરાતમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન વનડે મેચ રમી હતી, જેમાં તેઓએ ભારતના ટાઈટલ અભિયાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકા સામે મેકેમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વનડેમાં બે વિકેટ પર ૪૩૧ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો જેમાં તેના ત્રણ બેટ્સમેન ટ્રેવિસ હેડ (૧૪૨), મિશેલ માર્શ (૧૦૦) અને કેમેરોન ગ્રીન (અણનમ ૧૧૮) એ સદી ફટકારી હતી. આ પ્રદર્શનના કારણે આ ત્રણેયને રેન્કિંગમાં ઘણો ફાયદો થયો છે. હેડ એક સ્થાનનો સુધારો કરીને ૧૧મા સ્થાને, માર્શ ચાર સ્થાનના ફાયદા સાથે ૪૪મા સ્થાને અને ગ્રીન ૪૦ સ્થાનના ફાયદા સાથે ૭૮મા સ્થાને પહોંચી ગયો છે.

ઓસ્ટ્રેલિયન ટીમના તેમના સાથી ખેલાડી જોશ ઈંગ્લિસે પણ આ યાદીમાં સ્થાન બનાવ્યું છે. જમણા હાથના આ બેટ્સમેન ૨૩ સ્થાનના સુધારા સાથે ૬૪મા સ્થાને પહોંચી ગયો છે. વનડે બોલરોના રેન્કિંગમાં ટોપ પર કઠિન સ્પર્ધા ચાલી રહી છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સીરિઝ સમાપ્ત થયા પછી, શ્રીલંકાના સ્પિનર મહેશ તીક્ષણા ૬૭૧ રેટિંગ પોઈન્ટ સાથે સાથી સ્પિનર કેશવ મહારાજ સાથે ટોપ પર આવી ગયો છે.

સીરિઝની છેલ્લી મેચમાં ૫૭ રન આપીને ૧ વિકેટના પ્રદર્શનના કારણે મહારાજના રેન્કિંગમાં ઘટાડો આવ્યો છે અને તેમનું રેટિંગ તીક્ષણાની બરાબર થઈ ગયું જ્યારે શ્રીલંકન સ્પિનર આખા અઠવાડિયા સુધી મેદાન પર નહોતો રમ્યો. બોલરોની વનડે રેન્કિંગમાં સૌથી મોટી છલાંગ લુંગી એનગિડીએ લગાવી, જેણે ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝમાં સૌથી વધુ સાત વિકેટ ખેરવી હતી અને ૬૭ સ્થાનના ફાયદા સાથે ૨૮મા સ્થાને આવી ગયો છે. ઓસ્ટ્રેલિયાના સીન એબોટ નવ સ્થાનના ફાયદા સાથે ૪૮માં સ્થાને પહોંચી ગયો છે જ્યારે નાથન એલિસ ૨૧ સ્થાન ઉપર આવીને ૬૫મા સ્થાન પર પહોંચી ગયો છે.

### રાજ્યસભા સાંસદ હર્ષવર્ધન શ્રૃંગલાએ કહ્યું

# મોદી અને ટ્રમ્પના ગાઢ સંબંધ, ટેરિફ વોર બહુ દિવસ નહીં ટકે

**પૂર્વ વિદેશ સચિવ અને રાજ્યસભા સાંસદે વર્જીનિયામાં એક કાર્યક્રમ દરમિયાન મહત્વનું નિવેદન આપ્યું છે**

વર્જીનીયા, તા.૨૭

ભારત અને અમેરિકા વચ્ચે વેપારી સંબંધો હાલ ટેરિફને કારણે તણાવગ્રસ્ત થયા છે. અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર કુલ ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. જેમાં ૨૫ ટકા તો ૭ ઓગસ્ટથી લાગૂ થઈ ગયો જ્યારે બાકીનો ૨૫ ટકા આજ રાતથી લાગૂ થશે. આ નિર્ણય બાદ બંને દેશો વચ્ચે વેપારી સંબંધોમાં થોડી ખટાશ આવી છે. પરંતુ ભારત હજુ પણ સ્થિતિ સુધારે તેવી આશા રાખી રહ્યું છે.

ભારત અમેરિકા ટેરિફ યુદ્ધ સંદર્ભે હવે ભારતના પૂર્વ વિદેશ સચિવ અને રાજ્યસભા સાંસદ હર્ષવર્ધન શ્રૃંગલાએ વર્જીનીયામાં એક કાર્યક્રમ દરમિયાન મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અમેરિકા દ્વારા ભારતીય નિકાસ પર લગાવવામાં આવેલો ટેરિફ ચિંતાનો વિષય છે. પરંતુ આ સ્થિતિ કાયમી નથી. બંને દેશ જલદી વેપાર સમજૂતિ (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ)ની દિશામાં આગળ વધી શકે છે. આ દરમિયાન પૂર્વ વિદેશ સચિવે એમ પણ સ્પષ્ટ કર્યું કે હાલના ટેરિફ વિવાદથી ભારત-અમેરિકાના સંબંધોનો પાયો નબળો થશે નહીં. તેમણે ભરોસો જતાવ્યો કે દ્વિપક્ષીય સહયોગ, ખાસ કરીને રણનીતિક અને ટેક્નિકલ ક્ષેત્રે પહેલાની જેમ મજબૂત રહેશે.

ભારત અને અમેરિકા વચ્ચે છેડાયેલા ટેરિફ યુદ્ધ અંગે વિશેષજ્ઞોનું માનવું છે કે બંને દેશો વચ્ચે આપસી હિતોની ઊંડાઈ એટલી મજબૂત છે કે હંગામી વેપાર વિવાદ લાંબા ગાળાના સંબંધોને પ્રભાવિત નહીં કરે. આવનારા મહિનાઓમાં ઉચ્ચસ્તરીય કૂટનીતિક વાતચીત દ્વારા આ ગતિરોધનું સમાધાન નીકળે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. શ્રૃંગલાએ કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સંબંધોનો પાયો પીએમ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઘનિષ્ઠ અને વિશેષ ભાગીદારી પર ટકેલી છે. તેમણે ભરોસો વ્યક્ત કર્યો કે આ મજબૂત વ્યક્તિગત જોડાણના પગલે બંને દેશો જલદી એક સંતોષજનક અને પરસ્પર રીતે લાભકારી મુક્ત વેપાર સમજૂતિની દિશામાં આગળ વધી શકે છે. વર્જીનિયામાં એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે, એક વાત જે હું નિશ્ચિતપણે જાણું છું તે એ છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ખુબ ઘનિષ્ઠ અને વિશેષ ભાગીદારી રહી છે. અનેક બેઠકોમાં, જેમાં હું પોતે હાજર રહ્યો હતો તે સ્પષ્ટ રીતે મહેસૂસ કર્યું છે. તેમણે કહ્યું કે આ સંબંધ અત્યારનો નહીં પરંતુ ટ્રમ્પના પહેલા કાર્યકાળથી રહ્યો છે જ્યારે હાઉડી મોદી (હ્યુસ્ટન ૨૦૧૯) અને નમસ્તે ટ્રમ્પ (અમદાવાદ ૨૦૨૦) જેવા ઐતિહાસિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. જે બંને નેતાઓના વ્યક્તિગત સંબંધોનું ઊંડાણ દર્શાવે છે. શ્રૃંગલાએ આશા વ્યક્ત કરી કે આ મજબૂત ભાગીદારી વેપારી મતભેદોને ઉકેલવામાં મદદ કરશે અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના ભારત યાત્રાના આગામી તબક્કાનો માર્ગ પણ નક્કી કરશે.

# પુજારા બાદ વધુ એક ભારતીય ક્રિકેટરે અચાનક લીધી નિવૃત્તિ

નવી દિલ્હી, તા.૨૭

ભારતના સ્ટાર ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને હવે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. રવિચંદ્રન અશ્વિને બુધવાર, ૨૭ ઓગસ્ટના રોજ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ નિર્ણયની જાહેરાત કરી. આ દિગ્ગજ સ્પિનરે IPLમાં ૨૨૧ મેચ રમી અને ૧૮૭ વિકેટ લીધી. રવિચંદ્રન અશ્વિને IPLમાં પાંચ ટીમો માટે રમ્યો છે અને આ ટુર્નામેન્ટમાં પંજાબ કિંગ્સનું નેતૃત્વ પણ કર્યું છે. રવિચંદ્રન અશ્વિને ચેન્નાઈ સુપર કિંગ્સ, પંજાબ કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ, રાજસ્થાન રોયલ્સ અને રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ માટે રમી છે.

ચેતેશ્વર પૂજારાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાના માત્ર ત્રણ દિવસ પછી, ભારતના સ્ટાર ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને IPLમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. રવિચંદ્રન અશ્વિન IPL ઈતિહાસમાં યુઝવેન્દ્ર ચહલ, ભુવનેશ્વર કુમાર, સુનીલ નારાયણ અને પીયૂષ ચાવલા પછી પાંચમા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર તરીકે નિવૃત્ત થયા. રવિચંદ્રન અશ્વિને ૨૦૨૫માં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે પોતાની છેલ્લી IPL સિઝન રમી હતી. રવિચંદ્રન અશ્વિને IPL 2025માં પોતાની ૯ મેચમાં ૭ વિકેટ લીધી હતી અને ૩૩ રન બનાવ્યા હતા.રવિચંદ્રન અશ્વિન પણ વિવાદોમાં ફસાયો હતો. IPL 2025 સીઝનમાં, રવિચંદ્રન અશ્વિનની યુટ્યુબ ચેનલને કારણે ટીકા થઈ હતી. રવિચંદ્રન અશ્વિનની યુટ્યુબ ચેનલે તેના CSK ટીમના સાથી અફઘાન સ્પિનર નૂર અહેમદની ટીકા કરી હતી. ચેનલના વિશ્લેષક પ્રસન્ના અગોરમે દલીલ કરી હતી કે CSK ટીમમાં નૂર અહેમદની જરૂર નથી.

### CTIની સરકાર સમક્ષ માગ

# અમેરિકાના ટેરિફ સામે જવાબી કાર્યવાહી કરો, ૧૦ લાખ નોકરીઓ હવે સંકટમાં

**અમેરિકામાં ભારતીય સામાન ૩૫ ટકા મોંઘો થશે, જેથી ત્યાંના ખરીદદારો અન્ય દેશોની પ્રોડક્ટસને પ્રાધાન્ય આપશે**

નવી દિલ્હી, તા.૨૭

ભારત પર આજથી ટ્રમ્પનો કુલ ૫૦ ટકા ટેરિફ લાગુ થયો છે. જેનાથી મોટાભાગના સેક્ટર્સની નિકાસ પર માઠી અસર થવાની છે. લાખો નોકરીઓ છીનવાઈ જવાનું સંકટ છે. ટ્રમ્પના ટેરિફનો સામનો કરવા દેશના ઉદ્યોગ સંગઠન ચેમ્બર ઑફ ટ્રેડ ઍન્ડ ઈન્ડસ્ટ્રી(CTI)એ જવાબી ટેરિફ લાદવાની માગ કરી છે.

CTIના ચેરમેન બ્રિજેશ ગોયલે સરકારને ભલામણ કરી હતી કે, ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફના કારણે ટેક્સટાઈલ, ચામડું, જેમ્સ-જ્વેલરી, ઓટો કમ્પોનન્ટ, કેમિકલ, સીફૂડ, ઈલેક્ટ્રોનિક્સ સહિતના તમામ સેક્ટર્સ પર પ્રતિકૂળ અસરો થવાની છે. જેની સાથે જોડાયેલા ૧૦ લાખ લોકોની રોજગારી પર સંકટ તોળાઈ રહ્યું છે. અમેરિકામાં ભારતીય સામાન ૩૫ ટકા સુધી મોંઘો થશે. જેથી ત્યાંના ખરીદદારો અન્ય દેશોની પ્રોડક્ટસને પ્રાધાન્ય આપશે. અમેરિકાનું આ પગલું ભારતની ૪૮ અબજ ડૉલરથી વધુ નિકાસને પ્રભાવિત કરશે.

CTIના મહાસચિવ રાહુલ અદલખા અને રાજેશ ખન્નાએ જણાવ્યું હતું કે, ૧ ઑગસ્ટના રોજ ૨૫ ટકા અને ૨૭ ઑગસ્ટના રોજ વધારાનો ૨૫ ટકા ટેરિફ લાગુ થતાં વેપાર વર્ગમાં મૂંઝવણ ઊભી થઈ છે. જે અમેરિકન કંપનીઓ પહેલાંથી જ ઑર્ડર આપી ચૂકી છે, તેમનો માલ-સામાન રસ્તામાં છે, તે પહોંચવામાં સમય લાગશે. જેથી તેના પર ટેરિફ લાગુ થશે કે કેમ તેની મૂંઝવણ છે.

ટેરિફ લાગુ થયા બાદ નિકાસ ઘટવાની ભીતિ છે. ૨૦૨૪માં અમેરિકાને ૧.૭ લાખ કરોડના એન્જિનિયરિંગ ગુડ્સ મોકલ્યા હતા. જેમાં સ્ટીલ પ્રોડક્ટ્સ, મશીનરી અને ઓટો પાર્ટ્સ સામેલ છે. તેના પર ૧૦ ટકા ટેરિફ લાગુ હતો, હવે ૫૦ ટકા ટેરિફના કારણે તેની કિંમત વધી છે. જેથી નિકાસમાં ૨૦-૨૫ ટકાનો ઘટાડો નોંધાશે. ગતવર્ષે અમેરિકામાં રૂ. ૯૦,૦૦૦ કરોડની જેમ્સ એન્ડ જ્વેલરી અને ૧.૨૫ લાખ કરોડના ઈલેક્ટ્રોનિક ગુડ્સ નિકાસ થયા હતા. હવે તેમાં ઘટાડો નોંધાશે. નિકાસ પર નિર્ભર ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી પર સૌથી વધુ અસર થશે.

ચેમ્બર ઑફ ટ્રેડ ઍન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન બ્રિજેશ ગોયલે આ સંકટનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે કે, અમેરિકાની દાદાગીરી અને ધમકીઓનો જવાબ આપવો જરૂરી છે. તેને બોધપાઠ ભણાવવો જરૂરી છે. સરકારે અમેરિકા પર જવાબી ટેરિફ લાગુ કરવો જોઈએ. અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવી જોઈએ. વધુમાં જર્મની, બ્રિટન, સિંગાપોર, મલેશિયા જેવા દેશોમાં એન્જિનિયરિંગ ગુડ્સની વધતી માગને ધ્યાનમાં લેતાં ત્યાં નિકાસ નીતિઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

### આવતા અઠવાડિયે સરકાર લઈ શકે છે મોટો નિર્ણય

# GST કાઉન્સિલ ૩-૪ સપ્ટેમ્બરે બેઠકમાં ઘણા પ્રસ્તાવો પર વિચાર કરશે

**ઘણી દૈનિક અને આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ પર GST દરોમાં ઘટાડો શામેલ છે, જેથી કર માળખું સરળ બનાવી શકાય**

નવી દિલ્હી, તા.૨૭

ભારત સરકારની GST સુધારણા યોજના (GST 2.0) હેઠળ, આ પ્રસ્તાવ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે તમામ ખાદ્ય અને કપડાં ઉત્પાદનોને સમાન રીતે ૫% GST સ્લેબમાં ખસેડવામાં આવે. આ પગલાનો હેતુ કર માળખું સરળ બનાવવા, વર્ગીકરણ વિવાદોને દૂર કરવા અને સામાન્ય લોકો માટે આવશ્યક ચીજવસ્તુઓની કિંમત ઘટાડવાનો છે. આ પ્રસ્તાવ ૩-૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાનારી GST કાઉન્સિલની આગામી બેઠકમાં વિચારણા હેઠળ હોઈ શકે છે.ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, બાંધકામ ક્ષેત્રમાં વપરાતા સિમેન્ટ પરના કરમાં ઘટાડો કરવા પર ચર્ચા થઈ રહી છે. ખાસ કરીને, વર્તમાન ૨૮% સ્લેબને ૧૮% સુધી ઘટાડવાની યોજના છે. આ પગલાથી ગ્રાહકો માટે બાંધકામ ખર્ચમાં ઘટાડો થઈ શકે છે, જો બાંધકામ ઉદ્યોગ (જે ઘણી વખત સર્વોપરિતાના આરોપોનો સામનો કરી ચૂક્યો છે) આ લાભ ખરીદદારોને આપે.

જો આ દરખાસ્ત પસાર થઈ જાય છે, તો આ ફેરફાર બાંધકામ ઉદ્યોગમાં સંતુલન અને પારદર્શિતા લાવશે. તમને જણાવી દઈએ કે GST કાઉન્સિલ આવતા મહિને ૩ અને ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાનારી બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ પ્રસ્તાવો પર વિચાર કરશે, જેમાં ઘણી દૈનિક અને આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ પર GST દરમાં ઘટાડો શામેલ છે, જેથી કર માળખાને સરળ બનાવી શકાય.GST કાઉન્સિલ વ્યક્તિગત જીવન અને આરોગ્ય વીમા પર ૦ ટકા કર પર GST લગાવવાનો પણ પ્રસ્તાવ મૂકી રહી છે. આનાથી વીમાની પહોંચ વધશે અને તે લોકો માટે એક સસ્તું વિકલ્પ બનશે, જેનાથી વ્યાપક આરોગ્ય કવરેજને પ્રોત્સાહન મળશે. આ પહેલ નાણાકીય સુરક્ષાને પ્રોત્સાહન આપવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે.

# હિમાચલ પ્રદેશમાં મેઘરાજાના રૌદ્ર રૂપના કારણે રૂ.૧૦૦૦ કરોડના રસ્તા ધોવાયા

શીમલા, તા.૨૭

હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતોએ ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ(NHAI)ની મુશ્કેલી વધારી દીધી છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે કીરતપુર-મનાલી ફોરલેન માર્ગનો પાંડોહથી મનાલી સુધીનો વિસ્તાર સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. માત્ર બે વર્ષમાં જ આ માર્ગનું અસ્તિત્વ ગુમ થઈ ગયું છે અને હવે તેનું નવેસરથી નિર્માણ કરવું પડશે. વરસાદ અને ભૂસ્ખલનના કારણે NHAIને અત્યાર સુધીમાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુનું નુકસાન થયું છે, જે ૨૦૨૩ની આપત્તિની તુલનામાં ચાર ગણું વધારે છે. સોમવારે મોડી રાત્રે બિયાસ નદીમાં પૂર આવ્યું છે, જેના લીધે કુલ્લુથી મનાલી સુધીનો માર્ગ વચ્ચે છ સ્થળો ગંભીર રીતે નુકસાન પામ્યા છે. આ નુકસાન એટલું ગંભીર છે કે, ત્યાં સુધી મશીનરી પહોંચાડવી પણ મુશ્કેલ બની ગઈ છે. બિંદુ ઢાંક ખાતેના માર્ગનું નામોનિશાન રહ્યું નથી. આ ઉપરાંત રાયસન, મનાલીમાં લક્ઝરી બસ સ્ટેન્ડ અને ડોહલૂ ટોલ બેરિયર પાસે પણ રોડનો મોટો ભાગ પાણીમાં તણાઈ ગયો છે. આ તમામ સ્થળોએ તાત્કાલીક કામ કરવા માટે મશીનો પહોંચાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. માર્ગ ફરી શરુ કરવા માટે એનએચએઆઈએ તાત્કાલિક ૨૦ મશીનો કામે લગાવ્યા છે. ઝલોગીમાં માર્ગનો એક મોટો ભાગ જમીનમાં ધસી ગયો છે, જ્યારે દવાડામાં બિયાસ નદીના પાણી માર્ગ પર ફરી વળતા ભારે નુકસાન થયું છે. આ સ્થળોએ મશીનોની મદદથી મોટા પહાડો તોડવામાં આવી રહી છે, જેથી માર્ગનું કામ ઝડપથી આગળ વધી શકે.જો હવામાન સાનુકૂળ રહેશે, તો ગુરુવારે બપોર પછી સુધીમાં માર્ગ બની જવાની આશા છે. છેલ્લા બે દિવસથી પાંડોહથી ઔટ વચ્ચે સેંકડો વાહનો અને લોકો ફસાયેલા છે.પાંડોહ-ટકોલી સેક્શનમાં પણ માર્ગની મરામત માટે ૩૦થી વધુ મશીનો કાર્યરત છે. એનએચએઆઈના વરિષ્ઠ અધિકારીઓ અને ઈજનેરો સ્થળ પર હાજર રહીને કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. NHAI મંડીના પ્રોજેક્ટ ડાયરેક્ટર વરુણ ચારીના જણાવ્યા અનુસાર, માર્ગો ફરી શરુ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરુ કરી દેવાઈ છે. ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે આ વખતે નુકસાન ઘણું વધારે થયું છે.

### કચ્છમાં નંખાશે નવી રેલ લાઇન

# મોદી સરકારે ૧૨,૩૨૮ કરોડના ખર્ચે ૪ રેલવે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

## આ પ્રોજેક્ટથી ગુજરાત સહિત ૪ રાજ્યોને મળશે લાભ

મુંબઈ, તા.૨૭

ભારત સરકારના કેબિનેટે રૂ.૧૨,૩૨૮ કરોડના કુલ ખર્ચે રેલવેના ૪ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સમાં કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામમાં રેલવે લાઇનોનું મલ્ટી-ટ્રેકિંગ અને ગુજરાતના કચ્છ પ્રદેશમાં નવી રેલ લાઇનનો સમાવેશ થાય છે. આ પહેલથી ભારતીય રેલવેના નેટવર્કમાં ૫૬૫ રૂટ કિલોમીટરનો વધારો થશે, જેના પરિણામે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો થશે, CO2 ઉત્સર્જન ઘટશે અને ૨૫૧ લાખ માનવ-દિવસની સીધી રોજગારીનું સર્જન થશે. કેન્દ્રીય મંત્રીમંડળે રૂ.૧૨,૩૨૮ કરોડના ખર્ચે ૪ રેલવે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આમાં ગુજરાતના કચ્છ પ્રદેશમાં રૂ.૨,૫૨૬ કરોડના ખર્ચે ૧૪૫ કિલોમીટરની નવી રેલ લાઇનનો સમાવેશ થાય છે, જે ધોળાવીરા, કોટેશ્વર, નારાયણ સરોવર જેવા પ્રવાસી સ્થળોને જોડશે અને પ્રદેશમાં આર્થિક વિકાસ લાવશે. અન્ય પ્રોજેક્ટ્સમાં કર્ણાટક-તેલંગાણા, બિહાર અને આસામમાં રેલવે લાઇનોનું મલ્ટી-ટ્રેકિંગ સામેલ છે. આ તમામ પ્રોજેક્ટ્સ માલસામાનના પરિવહનમાં ૬૮ MTPA નો વધારો કરશે, લોજિસ્ટિક ખર્ચ ઘટાડશે, અને PM-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન સાથે સુસંગત છે.

ગુજરાતના કચ્છ પ્રદેશમાં નવી રેલ લાઇનનો પ્રોજેક્ટ સૌથી મહત્વપૂર્ણ છે. રૂ.૨,૫૨૬ કરોડના અંદાજિત ખર્ચે ૧૪૫ કિલોમીટરની આ લાઇન દૂરના સરહદી વિસ્તારોને જોડશે. આનાથી માત્ર મીઠું, સિમેન્ટ, કોલસો અને બેન્ટોનાઈટ જેવી ચીજવસ્તુઓના પરિવહનમાં જ મદદ નહીં મળે, પરંતુ તે પ્રવાસનને પણ મોટો વેગ આપશે. આ લાઇન હડપ્પા સ્થળ ધોળાવીરા, કોટેશ્વર મંદિર, નારાયણ સરોવર અને લખપત કિલ્લા જેવા પ્રવાસી સ્થળોને જોડશે, જેમાં ૧૩ નવા રેલવે સ્ટેશનો ઉમેરવામાં આવશે. આ પ્રોજેક્ટનો અંદાજિત સમયગાળો ૩ વર્ષનો છે અને તેનાથી ૮૬૬ ગામો અને લગભગ ૧૬ લાખ વસ્તીને સીધો લાભ થશે. અન્ય ૩ પ્રોજેક્ટ્સ ભારતના વિવિધ રાજ્યોમાં રેલવે નેટવર્કની ક્ષમતા વધારવા માટે છેઃ સિકંદરાબાદ (સનથનગર) - વાડીઃ કર્ણાટક અને તેલંગાણામાં ફેલાયેલી ૧૭૩ કિલોમીટરની આ લાઇન રૂ.૫,૦૧૨ કરોડના ખર્ચે બનશે અને તે ૫ વર્ષમાં પૂર્ણ થશે. આનાથી ૩,૧૦૮ ગામો અને ૪૭.૩૪ લાખ વસ્તીને લાભ થશે. ભાગલપુર - જમાલપુરઃ બિહારમાં ૫૩ કિલોમીટરની આ લાઇન રૂ.૧,૧૫૬ કરોડના ખર્ચે ૩ વર્ષમાં પૂર્ણ થશે. ફુરકાટિંગ - નવી તિનસુકિયાઃ આસામમાં ૧૯૪ કિલોમીટર લાંબી આ લાઇન રૂ.૩,૬૩૪ કરોડના ખર્ચે ૪ વર્ષમાં તૈયાર થશે.

આ તમામ પ્રોજેક્ટ્સ PM-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન હેઠળ આવે છે, જે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રેલ નેટવર્કમાં કુલ ૫૬૫ કિલોમીટરનો વધારો થવાથી 68 MTPA (મિલિયન ટન પ્રતિ વર્ષ) વધારાનો માલસામાન પરિવહન થઈ શકશે. આનાથી ઓઈલ આયાત પરની નિર્ભરતા ઘટશે અને CO2 ઉત્સર્જનમાં ૩૬૦ કરોડ કિલોગ્રામનો ઘટાડો થશે, જે ૧૪ કરોડ વૃક્ષો વાવવા બરાબર છે. આ ઉપરાંત, આ પ્રોજેક્ટ્સ નિર્માણ દરમિયાન ૨૫૧ લાખ માનવ-દિવસની સીધી રોજગારીનું સર્જન કરશે. આ પહેલ આત્મનિર્ભર ભારત અને પ્રાદેશિક વિકાસના વિઝનને મજબૂત બનાવશે.

### ૨.૫ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ બનશે

# અંબાજી : ભાદરવી પૂનમ મહા મેળાની તડામાર તૈયારીઓ

## ભાદરવી પૂનમ મહામેળાનો પ્રારંભ ૧ સપ્ટેમ્બરથી : આ વર્ષે ૩૦ લાખથી વધુ ભક્તોને પ્રસાદ વિતરણનો અંદાજ

અંબાજી, તા.૨૭

જગતજનની મા અંબાના ધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહા મેળાની તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫નો પ્રારંભ ૧ સપ્ટેમ્બરથી થશે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓ માટે ખાસ મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વર્ષે ૩૦ લાખથી વધુ ભક્તોને પ્રસાદ વિતરણ કરવાનો અંદાજ છે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ મિહિર પટેલે પ્રસાદ ઘરનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ભાદરવી પૂનમના મેળામાં આવતા માઈભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મેળા દરમિયાન સુરક્ષા જાળવવા માટે પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મેળાના સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ખાસ ટીમો તૈનાત કરવામાં આવશે.

આ વર્ષે અંદાજે ૨.૫૦ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ તૈયાર કરવામાં આવશે. આ માટે ૯૦,૦૦૦ કિલો કરકરો બેસન, ૧,૩૫,૦૦૦ કિલો ખાંડ, ૬૭,૦૦૦ કિલો શુદ્ધ ઘી અને ૧૮૦ કિલો એલચીનો ઉપયોગ થશે. આ પ્રસાદને ૩૦ લાખથી વધુ પેકેટ્સમાં વિતરણ કરવાનું આયોજન છે. આ ભગીરથ કાર્ય માટે ૭૫૦ થી વધુ કારીગરો રાત-દિવસ કાર્યરત રહેશે.

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે દરેક ભક્ત સુધી સરળતાથી અને સ્વચ્છતાથી પ્રસાદ પહોંચાડવામાં આવશે. મેળા દરમિયાન ભક્તોની સુવિધા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા માઈભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભવ્ય પ્રસાદ વિતરણ વ્યવસ્થા સાથે દર્શન, રહેવા અને અન્ય સુવિધાઓ પણ સુચારુ રીતે ચાલે તે માટે તંત્ર અને ટ્રસ્ટ સંયુક્તપણે કામ કરી રહ્યા છે. આ વર્ષે ૩૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ મેળામાં આવશે તેવો અંદાજ છે.

### CBSEની ગાઇડલાઇન

# ધોરણ ૧૦-૧૨ની માર્કશીટમાં ભૂલો સુધારવા માટે નવી સિસ્ટમ લાગૂ થઈ

## સ્કૂલો તરફથી બોર્ડ પરીક્ષાર્થીઓની યાદી જાહેર કર્યા બાદ વિદ્યાર્થીઓના ડેટા વેરીફિકેશન સ્લિપ જાહેર કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે આગામી વર્ષ એટલે કે ૨૦૨૬માં ત્રણ બોર્ડ પરીક્ષાઓ આયોજીત કરશે. તેમાં ૧૦માં ધોરણની બે ૧૨માં ધોરણની એક બોર્ડ પરીક્ષા સામેલ છે. ૧૦માની પહેલી બોર્ડ પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચમાં અને બીજી મેમાં આયોજીત થશે. બોર્ડે તેની તૈયારી શરુ કરી દીધી છે. આ સંબંધમાં સીબીએસઈએ બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની યાદી એટલે કે લિસ્ટ ઓફ કેંડિડેટને લઈને આચાર્યોને નિર્દેશ જાહેર કરી દીધા છે.

બોર્ડે સ્કૂલો પાસેથી વિદ્યાર્થીઓના સાચા અને અપડેટેડ વિવરણની ખાતરી કરવાનો આગ્રહ કર્યો છે. જેમાં વિદ્યાર્થીઓનું આખું નામ, જન્મ તારીખ, લિંગ, કેટેગરી, વાલીઓના નામ, વિષયવાર રજીસ્ટ્રેશન, ફોટો, સહી અને APAAR ID સામેલ છે. તેની સાથે જ સીબીએસઈએ નવી સિસ્ટમની જાણકારી પણ શેર કરી છે. જે અંતર્ગત સીબીએસઈએ ૧૦માં અને ૧૨ની માર્કશીટ અને સર્ટિફિકેટમાં ભૂલ સુધારવા માટે નવી સિસ્ટમને લાગૂ કરવાની જાહેરાત કરી છે.

સીબીએસઈ તરફથી જાહેર કરવામાં આવેલી સર્કુલર અનુસાર, સ્કૂલો તરફથી બોર્ડ પરીક્ષાર્થીઓની યાદી જાહેર કર્યા બાદ વિદ્યાર્થીઓના ડેટા વેરીફિકેશન સ્લિપ જાહેર કરવામાં આવશે. આ સ્લિપના આધાર પર સુધારો કરવામાં આવશે. આ સ્લિપ સ્કૂલ તરફથી જાહેર કરવામાં આવશે. જેમાં પરીક્ષાર્થી, માતા/પિતાનું નામ, જન્મતારીખ અને બોર્ડ પરીક્ષા વિષયની જાણકારી હશે. જો સ્લિપમાં કોઈ ભૂલ હશે તો તેના આધાર પર સુધારો કરવામાં આવશે.

સીબીએસઈએ આ સ્પષ્ટ કર્યું છે કે ડેટા વેરિફિકેશન સ્લિપમાં જો કોઈ ભૂલ હશે તો તેના આધાર પર સુધારો કરવામાં આવશે. સુધારાનો મોકો બોર્ડ પરીક્ષા પહેલા મળશે. સર્કુલરમાં કહેવાયું છે કે, જો ડેટા વેરિફિકેશન સ્લિપમાં કોઈ ભૂલ છે, તો સીબીએસઈ અરજી ફોર્મમાં ૧ ૩થી ૨૭ ઓક્ટોબર સુધી સુધારાની અનુમતિ આપશે. સાથે જ સીબીએસઈએ એવું પણ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રક્રિયા અને તેનો સમયગાળો સમાપ્ત થયા બાદ બોર્ડ દ્વારા કોઈ સુધારા કરવામાં આવશે નહીં.

# ગુજરાત લોકરક્ષક પોલીસ ભરતીનું મેરીટ જાહેર ૧૨૦.૫૦ માર્ક્સે અટક્યું જનરલનું મેરીટ

## ગત ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા લેખિત પરીક્ષાના ગુણો બાદ રિચેકિંગ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી

અમદાવાદ,તા.૨૭

ગુજરાત લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. જેમાં આજે બુધવારે (૨૭ ઓગસ્ટ) પોલીસ ભરતીની લોક રક્ષકનું મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમને ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવવામાં આવશે. ગત ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા લેખિત પરીક્ષાના ગુણો બાદ રિચેકિંગ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

જેમાં કુલ ૫૫૭ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી દરેકની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી.
ચકાસણી દરમિયાન ખુલ્યું કે, કેટલાક ઉમેદવારો દ્વારા OMR Sheet પર પ્રશ્નપુસ્તિકા કોડ લખવામાં ભૂલ થઈ હતી, જેના કારણે તેમના ગુણોની ગણતરીમાં વિલંબ અને વિસંગતતા સર્જાઈ હતી. આ ભૂલ અંગે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવશે તેવી શક્યતા છે.

કેટેગરી વાઈઝ કટ-ઓફ માર્ક્સ (દસ્તાવેજ ચકાસણી માટે):
- જનરલઃ પુરુષ – ૧૨૦.૫૦, મહિલા – ૮૯.૨૫ । કુલ ઉમેદવાર – ૧૦૩૩૩
- EWS: પુરુષ – ૯૪.૫૦, મહિલા – ૯૦ । કુલ – ૨૮૦૭
- SEBC: પુરુષ – ૧૦૪.૭૫, મહિલા – ૮૫.૨૫ । કુલ – ૫૭૩૭
- SC: પુરુષ – ૯૪.૭૫, મહિલા – ૮૦ । કુલ – ૩૮૦૧
- ST: પુરુષ – ૮૨, મહિલા – ૬૦ । કુલ – ૧૬૮૨

જનરલ કેટેગરીમાં પુરુષ ઉમેદવારો માટે કટ-ઓફ ૧૨૦.૫૦ માર્ક્સ સુધી પહોંચી છે. OMR ભૂલના કેસો તંત્ર માટે ચેતવણીરૂપ છે કે, પરીક્ષા પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને તકેદારી જરૂરી છે. દસ્તાવેજ ચકાસણી માટે પસંદ થયેલા ઉમેદવારોને આગામી તબક્કાની માહિતી અધિકૃત વેબસાઈટ અને સૂચનાઓ દ્વારા આપવામાં આવશે.

### પ્રદેશ કોંગ્રેસનાં મીડિયા કન્વીનર ડો. દોશી દ્વારા

# સુપ્રિમ કોર્ટનાં "સમાન કામ, સમાનવેતન" અંગેનાં ઐતિહાસિક ચુકાદાને આવકાર

## ભાજપ સરકાર તાત્કાલિક ચુકાદાની અમલવારી કરે

અમદાવાદ, તા.૨૭

સુપ્રિમ કોર્ટનો સમાન કામ, સમાન વેતન અંગેનો ઐતિહાસિક ચુકાદો આવ્યો છે. ભાજપ સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો તાત્કાલિક અમલવારી કરે તેવી માંગ કરતાં ગુજરાત કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે નામદાર સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક ચુકાદામાં ગુજરાતના કરાર આધારિત સહાયક પ્રોફેસરો માટે સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંતને સંપૂર્ણપણે બહાલી આપવામાં આવી છે. એના કારણે લાંબા સમય એટલે કે ૧૦–૧૫ વર્ષથી કાર્યરત સહાયક પ્રોફેસરો કે જેમનું આર્થિક શોષણ થતું હતું. તેમાંથી તેમને મુક્તિ મળશે. આ ચુકાદો માત્ર આર્થિક દ્રષ્ટિએ નહીં પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે જે વાત કરી છે એ સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે ચેતી જવાની અને સૌના માટે ચેતવણીરૂપ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે એના ચુકાદામાં સ્પષ્ટપણે ટિપ્પણીમાં કહ્યું કે, અધ્યાપકો, શિક્ષકો એ દેશના ઘડતર માટેની ભૌતિક સંપદા છે. તેમના માટે ગરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ શ્લોકનું ગાન પુરતું નથી. શિક્ષકો ફક્ત ભણાવતા નથી. બાળકોના ભવિષ્યને પણ આકાર આપે છે તેમનું આર્થિક શોષણ કરવાના બદલે તેમને સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંત અનુસાર વેતન મળવું જોઈએ.ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપની સરકારની નીતિ રાજયના યુવાનો અને યુવતીઓનું વર્ષોથી આર્થિક શોષણ કરવાની રહી છે. છેલ્લા ૧૫–૨૦ વર્ષથી સરકારના વિવિધ વિભાગો, મંત્રાલયો અને બોર્ડ–નિગમોમાં સાત લાખ કરતા વધારે કર્મચારીઓ કરાર આધારિત કામ કરીને આર્થિક શોષણનો ભોગ બની રહ્યા છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના કારણે આવા કર્મચારીઓ માટે પણ એક આશા ઊભી થઈ છે. લાંબી કાયદાકીય લડત લડયા બાદ આ ચુકાદાના કારણે પોલિટેકનિક અને સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં કાર્યરત ૨૧૦ જેટલા સહાયક પ્રાધ્યાપકોને સીધો ફાયદો થશે. રાજય સરકાર યેનકેન પ્રકારે ૨૫૦ જેટલા કરાર આધારિત પ્રાધ્યાપકોને ટર્મિનેટ કરી ચૂકી છે. એ દુઃખદ બાબત છે. ગુજરાતમાં સરકારી ઈજનેરી કોલેજ અને સરકારી પોલિટેકનિક કોલેજોમાં માત્ર ૪૫ થી ૫૫ ટકા અધ્યાપકો અને કર્મચારીઓ કાર્યરત છે. રાજયમાં એમ.બી. શાહ કમિશન કમિશને પણ કરાર આધારિત યોજનાને નાબૂદ કરવાની ભલામણ કરી હોવા છતાં રાજય સરકાર એ દિશામાં કોઈ કામ કરતી નથી અને રાજય સરકાર યુવાન–યુવતીઓનું વર્ષોથી આર્થિક શોષણ કરી રહી છે. તે આપણા સૌના માટે ચિંતાજનક છે.

નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી સમાન કામ, સમાન વેતનના સિદ્ધાંતને મહોર લાગી છે અને સાત લાખ કર્મચારીઓના પરિવારોની આશા જીવંત થઈ છે. ભાજપ સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો અભ્યાસ કરીને તાત્કાલિક તેની અમલવારી કરે. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ભૂતકાળમાં ફિકસ પગારને ગેરબંધારણીય ઠરાવેલી. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચનો ચુકાદો ગુજરાતના યુવાન–યુવતીઓને આર્થિક શોષણમાંથી મુક્તિ આપવા માટે ફિકસ પગારની પ્રથા નાબુદ કરવાનો હતો. તેની સામે પણ ગુજરાતની ભાજપ સરકાર સુપ્રિમ કોર્ટમાં ગઈ છે. જેમાં પણ તારીખ પર તારીખ પડી રહી છે. જેના કારણે ફિકસ પગારમાં કામ કરતા કર્મચારીઓને હેરાનગતિ થઈ રહી છે. ગુજરાતમાં ભાજપની સરકારનું આર્થિક શોષણનું મોડલ છે અને ગુજરાતના યુવાન–યુવતીઓને સમાન કામ, સમાન વેતન અંગે ન્યાય નથી મળતો ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ તેની સામે લડત આપશે.

### વાલીઓની મદદ કરશે DEO કચેરીના અધિકારી

# સેવન્થ ડે સ્કૂલમાં પ્રવેશ રદ કરાવવા માટે પૂછપરછ શરૂ

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં આશરે એક સપ્તાહ બાદ ઓનલાઈન વર્ગો શરૂ કરાયા છે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ ધોરણ ૧૦ના વિદ્યાર્થીની હત્યા બાદ સતત ચર્ચામાં છે. આ સ્કૂલમાં ધોરણ ૮ના વિદ્યાર્થીએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીની હત્યા કરી હતી. આ ઘટનાના એક સપ્તાહ બાદ સ્કૂલમાં સોમવારથી ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ થયું છે. ધોરણ ૬થી ૧૨ના ઓનલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. બીજી તરફ DEO કચેરીના ચાર અધિકારીઓને શાળામાં ડેપ્યુટ કરવામાં આવ્યા છે. આ અધિકારીઓ જે વાલીઓ સેવન્થ ડે સ્કૂલમાંથી પોતાના બાળકનો પ્રવેશ રદ કરી અન્ય સ્કૂલમાં જવા ઈચ્છે છે તેની મદદ કરશે. આ વચ્ચે પ્રથમ દિવસે ૭૦થી વધુ વાલીઓએ પ્રવેશ રદ કરવા માટે પૂછપરછ કરી હતી.

સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીની ધોરણ ૮ના વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલી હત્યાએ શિક્ષણજગતમાં હડકંપ મચાવી દીધો હતો. આ ઘટનાની ચર્ચા સમગ્ર દેશમાં થઈ હતી. આ ઘટના બાદ ઘણા વાલીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. તેવામાં મંગળવારે ઘણા વાલીઓ સ્કૂલ બદલવા માટે પૂછપરછ માટે આવ્યા હતા. જે વાલીઓ સ્કૂલ બદલવા ઈચ્છે છે તેની ડીઈઓ કચેરીના અધિકારીઓ મદદ કરશે. આ વાલીઓ અત્યારે LC વગર અન્ય સ્કૂલમાં પ્રોવિઝનલ એડમિશન લઈ શકશે. નોંધનીય છે કે સ્કૂલમાં બાળકની હત્યા બાદ હોબાળો મચી ગયો હતો.

નારાજ લોકોએ સ્કૂલમાં તોડફોડ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્કૂલની અંદર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઘટના બાદ શાળામાં હજુ ધોરણ ૧થી ૫નો અભ્યાસ શરૂ થયો નથી.

### કંપનીએ જોબવર્કનું કામ બંધ કરતા કારીગરો બેકાર બન્યા

# સુરતના હીરા ઉદ્યોગમાં ફરી એકવાર મંદીનો માહોલ જોવા મળ્યો

## ડાયમંડ ઉદ્યોગમાં ફરીથી કટોકટી જેવી પરિસ્થિતિ સર્જાઈ છે છૂટા કરાયેલા કર્મચારીઓ અલગ-અલગ વિભાગના હતા

સુરત,તા.૨૭

સુરતના હીરા ઉદ્યોગમાં ફરી એકવાર મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની જાણીતી ડાયમંડ કંપની 'ક્રિસ ડિયામ ડાયમંડ જેમ્સ' દ્વારા ૧૦૦ જેટલા કારીગરોને અચાનક છૂટા કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણયથી ડાયમંડ ઉદ્યોગમાં ફરીથી કટોકટી જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. છૂટા કરાયેલા કર્મચારીઓ અલગ-અલગ વિભાગના હતા, જેના કારણે તેમના પરિવારોની આજીવિકા પર સીધી અસર પડી છે. આ ઘટનાએ સુરતના હીરા ઉદ્યોગના ભવિષ્ય અંગે ચિંતા વધારી છે.

કંપની દ્વારા આટલી મોટી સંખ્યામાં કારીગરોને છૂટા કરવા પાછળનું મુખ્ય કારણ વિદેશી વેપારીઓ તરફથી મળતા જોબવર્કના કામમાં થયેલો ઘટાડો હોવાનું માનવામાં આવે છે. ક્રિસ ડિયામ ડાયમંડ જેમ્સ કંપની મુખ્યત્વે વિદેશી વેપારીઓ પાસેથી મળતા ઓર્ડર પર કામ કરતી હતી. પરંતુ વૈશ્વિક બજારમાં માંગ ઓછી થવાને કારણે કંપનીને કામ ઘટાડવાની ફરજ પડી છે. આ પરિસ્થિતિ માત્ર આ એક કંપની પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ઉદ્યોગ માટે એક ચેતવણી સમાન છે.અચાનક નોકરી ગુમાવનારા આ ૧૦૦ જેટલા કારીગરો માટે ભવિષ્ય અનિશ્ચિત બન્યું છે. સુરતમાં હાલમાં અન્ય કંપનીઓમાં પણ કામકાજ ધીમું હોવાથી તરત જ નવી નોકરી મળવી મુશ્કેલ છે. આ ઘટનાથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો કારીગરોમાં ભયનો માહોલ ફેલાયો છે.

જો આગામી સમયમાં વૈશ્વિક બજારની સ્થિતિ સુધરશે નહીં તો આવી વધુ કંપનીઓ દ્વારા કર્મચારીઓને છૂટા કરવામાં આવે તેવી શક્યતા છે. આથી સરકાર અને ઉદ્યોગના અગ્રણીઓએ આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવા માટે તાત્કાલિક પગલાં ભરવા જરૂરી છે.

### મહંત હર્ષદબાપુ ભગતનાં સાંનિધ્યમાં

# ચલાલા : ગઢીયા ગીરમાં શ્રી દાનબાપુની જગ્યામાં આજે સંતવાણીનો કાર્યક્રમ

## ખ્યાતનામ કલાકારો કરશે સંતવાણીની જમાવટ

ચલાલા,તા,૨૭

સૌરાષ્ટ્રની જગ વિખ્યાત દેહાણ દાનબાપુની જગ્યાના મહંત મહારાજ પુજય વલ્લકુબાપુના આશીર્વાદ અને પ્રશંન્નતાથી ભજન ભોજન ભક્તિનો ત્રિવેણી સંગમ એવું દાનેવ ધામ ગઢીયાગીરમા પ્રાકુતિક સૌંદર્યમા નવુ આકાર પામી રહેલ અંશા અવતાર પુજય દાનમહારાજની જગ્યામા આજે તા.૨૮/૮/૨૦૨૫ ગુરૂવાર ના રાત્રીના ૯ : ૦૦ કલાકે ગઢીયાગીરના પ્રેમાળને સરળ સ્વભાવ ધરાવતા મહંત હર્ષદબાપુ ભગતના સાંનિધ્યમા અને માર્ગદર્શન મુજબ સંતો મંહતો, સેવકો, અને મહાનુભવોની ઉપસ્થિતીમા ખ્યાતનામ કલાકારો દ્વારા આ વર્ષમા લગગાટ નવમો ભવ્ય સંતવાણી કાયઁકમ યોજાશે..

આ ભવ્ય સંતવાણીના કાયઁકમમા ઉપસ્થિત રહેવા અને ભજન ભોજનનો અમુલ્ય લાભ લહેવા ધર્મપ્રેમી જાહેર જનતાને મહંત હર્ષદબાપુ ભગતે લાગણી સભર જાહેર નિંમત્રણ પાઠવેલ છે.

આ વર્ષના લગગાટ નવમો સંતવાણી કાયઁકમમા ખ્યાતનામ ભજનિક



દિલીપ ગીરી ગૌસ્વામી, હરેશદાન ગઢવી, ધીરજ બારોટ, ભરતભાઈ ખવડ, ભરતદાન અલગારી, મનીશ દાન ગઢવી, ધાર્મિક ગજ્જર (સાંજીદાગ્રુપ) સહિતના નામી અનામી ખ્યાતનામ કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણીની રમઝટ બોલાવશે.. ગઢીયાગીર, તા.ધારી, જીલ્લો અમરેલીમા પુજય વલકુબાપુના આશીર્વાદથી અંશા અવતાર પુજય દાનમહારાજની નવી જગ્યા આકાર લઈ રહી છે.. ત્યા એક પ્રેમાળ અને સરળ સ્વભાવ ધરાવનાર ભગત કોટી મહંત મહારાજ હર્ષદબાપુ ભગતની નીશ્રામા ભકિત, ભજન, અને



ભોજન ત્રિવેણી સંગની સાથે ધર્મની ધજા ફરકી રહી છે.. બન્ને ટાઈમ હરીહરના હાદ પડી રહ્યા છે.. ગૌમાતાની અકલ્પિય સેવાઓ થઈ રહી છે.. મુંગા પશુપક્ષીને ચણ નખાઈ રહી છે.. બંન્ને ટાઈમ જાલરૂ વાગી રઈ છે.. સનાતન ધર્મનો જયઘોષ થઈ રહ્યો છે. આ બધી સેવાઓની સાથે સાવજો તરસ છીપાવા જગ્યાની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે. આવી વન પાકુતીકના મનોહર વાતાવરણમા ગઢીયા ગીર દાનેવ આશ્રમમા પુજય દાનમહારાજ સહીત ના દેવોના બેસણા છે. તેને વંદન કરવા એકવાર ચોક્કસ જવા જેવુ છે.

### શિવરાજ સિંહ ચૌહાણનું નિવેદન ચર્ચામાં

# વિમાનની શોધ થાય તે પહેલેથી જ આપણી પાસે પુષ્પક હતું

## ચૌહાણે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ભોપાલના ૧૨માં દિક્ષાંત સમારોહમાં દાવો કર્યો હતો

ભોપાલ, તા.૨૭

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ગઈકાલે ભારતની ટેક્નોલોજી પર ગર્વ કરતો એક દાવો કરતાં ચર્ચાનો વિષય બન્યા છે. તેમણે દાવો કર્યો છે કે, પ્રાચીન ભારતમાં ભારતની ટેક્નોલોજી અત્યંત એડવાન્સ હતી. રાઈટ બ્રધર્સે વિશ્વનું પ્રથમ એરોપ્લેન શોધ્યું તે પહેલાં જ ભારત પાસે પુષ્પક વિમાન હતું.

ચૌહાણે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ભોપાલ (IISER ભોપાલ)ના ૧૨માં દિક્ષાંત સમારોહમાં દાવો કર્યો હતો કે, ભારતની ટેક્નોલોજિકલ પ્રગતિ ત્યારે થંભી ગઈ, જ્યારે તે ગુલામીની ખીણમાં પડી ગયું. આ એ જમીન છે, જ્યારે વિશ્વ ઘોર અંધારામાં હતું, ત્યારે ભારતે જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો. આપણું વિજ્ઞાન અને આપણી ટેક્નોલોજી ખૂબ જ એડવાન્સ હતી. પુષ્પક વિમાન એ સમયે હતું, જ્યારે રાઈટ બ્રધર્સનો કોઈ અતોપત્તો પણ ન હતો. ચૌહાણે પ્રાચીન ભારતની શસ્ત્ર ટેક્નોલોજી પર દાવો કર્યો કે, તમે ભારતમાં અગ્નિઅસ્ત્ર, વરૂણઅસ્ત્ર, અને બ્રહ્મઅસ્ત્ર વિશે વાંચ્યું હશે, તેનો ઉપયોગ મહાભારતમાં થયો હતો. આ શસ્ત્રો લક્ષ્યને ભેદીને જ પાછા આવતા હતાં. આજે મિસાઈલ્સ-ડ્રોન લોન્ચ થઈ રહ્યા છે. આ સિદ્ધિ આપણા દેશએ હજારો વર્ષ પહેલાં જ હાંસલ કરી હતી. ત્યાબાદ ગુલામીની ખીણમાં પડી જતાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિ થંભી ગઈ. આગળ કહ્યું કે, ભારત એક પ્રાચીન અને હજારો વર્ષ જૂનું મહાન રાષ્ટ્ર છે. જ્યારે વિશ્વના કહેવાતા વિકસિત દેશોમાં સભ્યતાનો સૂર્ય હજુ ઉગ્યો ન હતો, ત્યારે આપણા વેદોના સ્ત્રોત રચાઈ ચૂક્યા હતા અને ઉપનિષદોનું પઠન થઈ રહ્યું હતું. આ તે રાષ્ટ્ર છે જેના શિક્ષકો અને ઋષિઓએ હજારો વર્ષ પહેલાં જ્ઞાનની ગંગા વહાવી છે. આ એક સત્ય છે. આપણે આપણા દેશ પર ગર્વ કરવાની જરૂર છે. મંત્રીએ વિદ્યાર્થીઓને ભારતમાં રહેવા, બ્રેઈન ડ્રેઈન ઘટાડવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા અપીલ કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે કોઈપણ કૃષિ વેપાર સોદો ભારતીય ખેડૂતોને નુકસાન પહોંચાડશે નહીં.

શિવરાજસિંહ ચૌહાણ પહેલાં કેન્દ્રીય પૂર્વ મંત્રી અનુરાગ ઠાકુરે પણ પીએમ શ્રી શાળાના વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં કહ્યું હતુ કે, અંતરિક્ષમાં યાત્રા કરનારા પહેલાં કોણ છે. જેનો જવાબ વિદ્યાર્થીઓએ નીલ આર્મસ્ટ્રોંગ આપ્યો હતો. જોકે, બાદમાં ઠાકુરે કહ્યું કે, મને તો લાગે છે કે, હનુમાનજી હતા.

### કેબિનેટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાને લંબાવી

# પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાને માર્ચ ૨૦૩૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય કેબિનેટની યોજાયેલી બેઠકમાં લાખો નાના દુકાનદારો, ફેરિયાઓ અને લારીવાળાઓને આર્થિક મદદ કરતી યોજના માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાને લંબાવીને માર્ચ ૨૦૩૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. સરકારના આ નિર્ણયથી કુલ ૧.૧૫ કરોડ લોકોને સીધો ફાયદો થશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરના નાના દુકાનદારો, ફેરિયાઓ અને લારીવાળાઓને આર્થિક મદદ પૂરી પાડવાનો છે જેથી તેઓ પોતાનો વ્યવસાય સરળતાથી ચલાવી શકે અને આત્મનિર્ભર બની શકે.

કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયથી પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ કુલ ૧.૧૫ કરોડ લાભાર્થીઓને સીધો લાભ મળશે. યોજનામાં લગભગ ૫૦ લાખ નવા ફેરિયાઓ પણ સામેલ થશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, યોજનામાં સુધારો કરીને તેમાં લોનની રકમ, યુપીઆઈ-લિંક્ડ રુપે ક્રેડિટ કાર્ડ અને ડિજિટલ કેશબેક જેવી નવી સુવિધાઓનો સમાવેશ કરાયો છે. આ નિર્ણયથી નાના વેપારીઓને ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવા માટે પ્રોત્સાહિત થશે. યોજનામાં નવા ફેરફાર મુજબ, અગાઉ પ્રથમ લોન પેટે રૂપિયા ૧૦,૦૦૦ અપાતા હતા, જે ઘટાડીને ૫,૦૦૦ કરવામાં આવ્યા છે. જ્યારે બીજી લોનની રકમમાં ૫,૦૦૦ રૂપિયાનો વધારો કરીને ૨૫,૦૦૦ કરવામાં આવી છે. જ્યારે ત્રીજી લોન ૫૦,૦૦૦ રૂપિયા યથાવત્ રાખવામાં આવી છે. જે ફેરિયાઓ પોતાની બીજી લોન સમયસર ચૂકવશે, તેમને યુપીઆઈ-લિંક્ડ રુપે ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે, જેનાથી તેમને વ્યવસાય અને અંગત જરૂરિયાતો માટે તત્કાળ ક્રેડિટ મળી રહેશે. આ ઉપરાંત ડિજિટલ વ્યવહારો પર રૂપિયા ૧,૬૦૦ સુધીનું કેશબેક પણ મળશે.

# અમરેલી ખાતે શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠીયા મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો









શ્રીચતુર્વેદીમચ્છુકાઠીયા મોઢબ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા તા. ૨૪/૮/૨૦૨૫ રવિવારના રોજ વિદ્યાર્થી સન્માન સમારંભ ૭૫ વર્ષ પૂર્ણ કરેલ વડીલોના સન્માન તેમજ વિશિષ્ટ પ્રતિભા સન્માન કાર્યક્રમનું આયોજન બાળા હનુમાનની જગ્યા અમરેલી ખાતે કરેલ કાર્યક્રમનું સંચાલન ડોકટર અલ્પેશભાઈ પંડયા સંજયભાઈ દવે તેમજ આશિષભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ ધોરણ એક થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓને કીટ બેગ આપીને સન્માનિત કરવામાં આવ્યા ૭૫ વર્ષ પૂર્ણ કરે લતાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી લાઠીનું સાલ ઓઢાડીને સન્માન દક્ષાબેન તેમજ ઉર્વશી બેન એ કરેલ. આ પ્રસંગે જ્ઞાતિના ગૌરવ એવા ગૌરવભાઈ મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા પ્રકાશિત વૈદિક ગણિત પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવેલ.આ પ્રસંગે ભાવનગર જ્ઞાતિ મંડળના ડોકટર મુકુંદભાઈ પંડયા પ્રોફેસર હર્ષદભાઈ પંડયા પરેશભાઈ પંડયા તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહેલ બોટાદ જિલ્લા વતી શાંતિભાઈ પંડયા તેમજ વિષ્ણુભાઈ ઉપસ્થિત રહેલ.આ તકે ડોકટર ધ્રુવિન સ્નેહલભાઈ પંડયા એમબીબીએસ પૂર્ણ કરતા ચિરંજીવી જાનવી હિતેશભાઈ પંડયા બીએસસી કેમેસ્ટ્રીમાં ગોલ્ડ મેડલ મેળવતા ગૌરવભાઈ ત્રિવેદી વૈદિક ગણિત પ્રકાશિત કરતા ગૌરાંગભાઈ દવે પીએચડીની ડીગ્રી મેળવતા ટ્રસ્ટી સંજયભાઈ પી. દવે સેવા નિવૃત થતા તેમનું પણ સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગને સફળ બનાવવા માટે પ્રમુખ રાજેશભાઈ પંડયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

## રાજુલાના યુવા પત્રકારનો આજે જન્મદિવસ



રાજુલા, તા. ૨૭

પત્રકારની કારકિર્દીની શરૂઆત કરી. પત્રકાર ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા આસિફ કાદરી સત્યની સાથે રાજુલા વિસ્તારના સચોટ સમાચાર પ્રકાશિત કરવામાં અગ્રેસર રહ્યા છે અને રાજુલા પંથકમાં પ્રજાલક્ષી પ્રશ્નો અને સમસ્યાઓને ઉજાગર કરી સતત પ્રયત્નશીલ રહેતા તેમજ પત્રકાર ક્ષેત્રે નિસ્પક્ષ તથા નિડર રહી લોકપયોગી સેવાકીય પ્રવૃત્તિમાં પણ ઉમદા કાર્યો થકી સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિત તરીકે બહુમાન મેળવી ચુકયા છે તો સાથોસાથ સમાજ શિક્ષિત બને તે માટે વિદ્યાર્થીઓ, યુવાનોને શૈક્ષણિક રીતે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી સતત કાર્યશીલ રહ્યા છે. તદ્ઉપરાંત ગામડાના છેવાડાના લોકોને રાજય સરકારની યોજનાઓ વિશે આ પત્રકારે માહિતગાર કર્યા છે. આ કાર્ય પધ્ધતિ થકી લોકોમાં લોકચાહના ધરાવતા આસિફ કાદરીનો આજે જન્મદિવસ હોય જે નિમિત્તે તેમના મિત્ર વર્તુળોમાંથી તેમજ સગા–સંબંધીઓ દ્વારા જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે ઉપરાંત ફેસબુક, વોટસપ સહિત સોશિયલ મિડીયામાં પણ તેમના હિતેચ્છુઓ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

## અમરેલી : પાણીયાની શાળામાં ટવીનિંગ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૭

શિક્ષણ વિભાગનો એક ખૂબ સુંદર કાર્યક્રમ એટલે ટવીનિંગ શાળા પ્રોગ્રામ અંતર્ગત, અમરેલી તાલુકાની પાણીયા પ્રાથમિક શાળામાં તારીખ. ૨૫/ ૮/ ૨૦૨૫ ના રોજ ટવીનિંગ કાર્યક્રમ યોજાયો હતો. પાણીયા પ્રાથમિક શાળામાં ટીંબલા પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ શાળાની મુલાકાતે આવી બંને શાળા વચ્ચે ટવીનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળના શિક્ષકો, વિદ્યાર્થીઓનું સ્વાગત સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમત, પઝલ ગેમ, તેમજ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે મળીને એકબીજામાં રહેલી સ્કિલનું આદાનપ્રદાન કર્યુ. આમ આખા દિવસ દરમ્યાન બન્ને શાળાના વિદ્યાર્થીઓ વચ્ચે ગમ્મત સાથે જ્ઞાનનું Sharing થયું હતું.

લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા યુનિવર્સિટી (પ્રાઈવેટ યુનિવર્સિટી) મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 124

## અવસાન નોંધ

**બગસરા:** અસ્તળની જગ્યા નિવાસી રામકિશોર જમનાદાસ દેવમુરારી (ભીખા રામબાપુ) તે હિતેશભાઈ તથા પરશુરામભાઈના પિતાશ્રીનું તા. ૨૭ના દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૯/૮/૨૦૨૫ ને શુક્રવારના રોજ સાંજનાં ૪થી ૬ તેમના નિવાસ સ્થાને, નદીપરા, અસ્તરની જગ્યા બગસરા રાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગાય પડી જતાં બચાવી લેવાઈ

ઘટના સ્થળ પર પહોંચી અને સ્થાનિક લોકો તથા જેસીબી મશીનની મદદથી એક કલાકની ભારે જહેમત બાદ ગાયનું સલામત રીતે રેસ્કયુ કરેલ હતું. અને ગાયને આ ગટરમાંથી સહિસલામત રીતે બહાર કાઢી હતી.

આ કામગીરીમાં ફાયર સ્ટાફ સાગરભાઈ પુરોહિત, ભુરીયા જગદીશ, અરૂણભાઈ વાઘેલા તથા પારસભાઈ પરમાર વગેરેએ કામગીરી સંભાળી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ગણેશોત્સવનો પ્રારંભ

અમરેલીમાં આવેલ નાગનાથ મંદિર પટાંગણ ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણપતિ ઉત્સવ વર્ષ ૧૨૬ની ઉજવણીનુ આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૭/૦૮/૨૫ થી તા. ૦૬/૦૯/૨૫ સુધી ઉજવણી કરવામાં આવશે. તા. ૦૬/૦૯/૨૫ ના રોજ વિસર્જન કરવામાં આવશે. આજે તા. ૨૭/૦૮/૨૫ ના રોજ વાજતે ગાજતે શ્રી ગણેશજીની શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં બહોળી સંખ્યામાં ભાવિક ભકતો ઉપસ્થિત રહ્યા હતા. તેમ રાજનભાઈ જાનીની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

**લાઠીરોડ**

અમરેલી શહેરમાં આજે વિઘ્નહર્તા દેવની શાનદાર શોભાયાત્રા ઢોલ, નગારા, અબીલ ગુલાલની છોળો વચ્ચે નીકળેલ હતી. જેમાં બ્રાહ્મણ સોસાયટીમાં રામનગર શેરી નં. ૬માં આવેલ કેસરિયા હનુમાનના પટાંગણમાં ભવ્ય ગણેશ ઉત્સવના આયોજન સાથે ગણેશજીનું સ્થાપન કરવામાં આવેલ હતું. હિલટોન ઈન્ફોટેકના શશિકાંત સોલંકી તેમજ સમસ્ત હિલટોન ગ્રુપના સહયોગથી ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠી વિસ્તારમાં ગુમ થયેલ

એસ.એમ. સોનીની સુચના અને રાહબારી હેઠળ લાઠી પોલીસ સ્ટેશન ગુમ જાણવા જોગ નં.૫/૨૪થી દાખલ થયેલ હોય, તે ગુમ થનાર યુવતિ પુજાબેન રાજુભાઈ પોપટભાઈ સાપરા (રહે. માલવીયા પીપરીયા તા.લાઠી) વાળીને શોધી કાઢવા લાઠી પોલીસ સ્ટેશનની ટીમને સુચના આપેલ હોય, લાઠી પોલીસ સ્ટેશનની ટીમે હયુમન તેમજ ટેકનીકલ સોર્સીસ આધારે ગુમ થનાર મહીલા બેનને મહારાષ્ટ્રના જલગાવ ખાતેથી શોધી કાઢી તેના પરીવાર સાથે સુખદ મિલન કરાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## કોઈપણ શુભકાર્ય પ્રસંગે પ્રથમ ગણપતિ વંદના થાય છે



આજ ગણેશ ઉત્સવ વિશે લખવું છે, કોઈપણ શુભ કાર્ય પ્રસંગે પ્રથમ ગણપતિ વંદના કરવામાં આવે છે, ગણપતિ મહાત્મ્ય વિશે તો સૌ કોઈ અજાણ નથી, સૌ કોઈ જાણે છે, હજારો વર્ષોથી ગણપતિ પૂજન શુભ કાર્યમાં કરવામાં આવે છે, આજ મારે ગણપતિ ઉત્સવ વિશે સારી અને નરસી બંને વાત લખવી છે, કોઈપણની બે બાજુ સકારાત્મક અને નકારાત્મક હોય છે, સકારાત્મક બાબત સૌ કોઈ જાણે છે, આજ ગણપતિ ઉત્સવ નિમિત્તે અનેક મંડળો સેવાકીય કાર્ય કરી રહ્યા છે, પણ આજ મારે ગણેશ ઉત્સવના અતિરેક બાબત માહિતગાર આપ સર્વોને કરવા છે, છેલ્લા ઘણા વર્ષોથી આપણે ત્યાં ગણેશ ઉત્સવની રંગે ચંગે ઉજવણી કરવામાં આવે છે, મૂળ આ તહેવાર ઉત્સવ મહારાષ્ટ્રનો છે પણ ઘણા વર્ષોથી ગુજરાત સૌરાષ્ટ્રમાં ગામે ગામ મનાવાય છે, ઢોલ નગારા ડીજેના તાલે બાપાની ગણેશ ચતુર્થીના રોજ પધરામણી કરવામાં આવે છે, પધરામણી ઉત્સવમાં લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, મારા માનવા પ્રમાણે આત્મા એ જ પરમાત્મા છે હૃદયપૂર્વક સાચા દિલથી પ્રભુને યાદ કરો તો તે તમારી ભાવના સમજે જ છે, બાહ્ય દેખાડાની કોઈ જરૂર નથી, આજ બાળ કોથી લઈ યુવાનો, વૃધ્ધો સૌ કોઈ ઉત્સવનો અતિરેક કરી રહ્યા છે, સાચી શ્રધ્ધાને બદલે બાહ્ય દેખાડો કરી રહયા છે, ગણપતિ દાદાને નમન, વંદન, પણ દુ:ખએ વાતનું છે કે બાપાને ચાર પાંચ દિવસ રંગે ચંગે ઉજવણી કરીને વિદાય આપવામાં આવે તે નદી, સરોવર સમુદ્રના પર્યાવરણ બાબત કદી વિચાર્યુ છે, ગણપતિ બાપાની વિદાય પછી કયારેક નદી, સરોવરની જગ્યાએ જજો તો તમને ખ્યાલ આવશે કે ગણપતિ બાપાની કેવી ખરાબ અવદશા છે તમે જોઈ પણ નહીં શકો કે કેવી દુર્દશા છે, પર્યાવરણમાં કેટલી ખરાબ અસર જોવા મળે છે, આજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, સ્વચ્છ, ભારત, સ્વસ્થ ભારત વિશે વારંવાર સંદેશ આપે છે તેનો, હદય પૂર્વક દિલથી અમલ કરીયે તો પ્રભુ પૂજા, બરાબર જ છે, એટલે આજ મારે એટલું જ કહેવું છે કે તમે આનંદ ઉમંગ ઉલ્લાસથી ગણપતિ ઉત્સવ ઉજવો, રંગેચંગે ઉજવો પણ સાથે સાથે પર્યાવરણની જાળવણી કરીને પ્રદુષણ ના ફેલાવો, અને નાના માટીના ગણેશજીની સ્થાપના કરી ઘરેને ઘરે ડોલ, ટબમાં વિસર્જિત કરી બાપાને સાચા હૃદયપૂર્વક પ્રાર્થના કરો કે મારૂ સ્વચ્છ ભારત કાયમ માટે સ્વસ્થ, પ્રદુષણ મુકત, બની રહે, પ્રકૃતિની ગોદમાં સ્વચ્છ ભારત, પ્રાકૃતિક સૌંદયથી, સોળે કળાએ ખિલી ઉઠે અને સર્વોને કુદરતી નિજાનંદમય બનાવે, તેવી આજના ગણેશ ચતુર્થી નિમિતે ગણપતિ દાદા નાચરણોમાં, નમન, વંદન, પ્રણામ, અસ્તુ, જય ગણેશ, વિઘ્નહર્તા ગજાનંદ કી જય હો,

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૦૧ |
| ૨ | શીંગ ૬૬ નંબર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૦૬૫ |
| ૪ | શિંગદાણા | ૧૦૯૬ | ૧૩૫૧ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૫૫ | ૧૩૦૧ |
| ૬ | તલ સફેદ | ૧૧૪૫ | ૨૧૦૨ |
| ૭ | તલ કાળા | ૨૧૧૦ | ૪૪૯૯ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૭૪૦ | ૨૨૧૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૯૧ |
| ૧૦ | જુવાર | ૩૬૫ | ૬૨૨ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૧ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૨ |
| ૧૩ | મગ | ૧૨૭૦ | ૧૪૯૭ |
| ૧૪ | અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૯ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૩૪ |
| ૧૭ | તુવેર | ૧૦૬૫ | ૧૨૬૮ |
| ૧૮ | વાલ | ૭૨૧ | ૮૩૦ |
| ૧૯ | કપાસ | ૮૦૦ | ૧૬૬૧ |
| ૨૦ | એરંડા | ૧૧૫૪ | ૧૨૭૦ |
| ૨૧ | જીરૂ | ૨૬૪૦ | ૩૪૦૦ |
| ૨૨ | રાય | ૧૪૭૫ | ૧૫૪૦ |
| ૨૩ | ધાણા | ૧૦૯૦ | ૧૪૦૦ |
| ૨૪ | મેથી | ૮૨૦ | ૮૯૦ |
| ૨૫ | સોયાબીન | ૭૨૧ | ૮૬૩ |
| ૨૬ | રજકાનુ બી | ૩૧૭૫ | ૮૦૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૩ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૫ |
| ૩ | તલ કાળા | ૩૪૫૦ | ૪૩૩૦ |
| ૪ | જીરૂ | ૩૪૦૦ | ૩૬૧૧ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૫૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૩૬૧ | ૫૭૬ |
| ૯ | જુવાર | ૩૮૦ | ૫૬૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૩૩ |
| ૩ | સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| ૪ | ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૫ | અડદ | ૯૦૦ | ૯૦૦ |
| ૬ | ચણા | ૧૦૯૦ | ૧૧૧૩ |
| ૭ | તલ સફેદ | ૧૦૬૦ | ૧૮૯૫ |
| ૮ | વાલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | મગફળી | ૯૩૦ | ૯૩૦ |
| ૧૦ | એરંડી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૧ | ઈસબગુલ | ૧૧૦૦ | ૧૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૭૫૧ | ૧૯૨૫ |
| ૨ | તલ કાળા | ૪૧૦૧ | ૪૧૦૧ |
| ૩ | કપાસ | ૧૪૫૫ | ૧૫૭૦ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૫૯૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૬૧ |
| ૬ | જુવાર | ૫૫૦ | ૭૦૦ |
| ૭ | ચણા | ૮૫૦ | ૧૧૬૧ |

# સાવરકુંડલા : પીઠવડી ખાતે ''એક વૃક્ષ માં કે નામ'' અંતર્ગત ''નમો વન'' કવચ વૃક્ષારોપણ કરાયુ







સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે રૂ. ૨૧ લાખના ખર્ચે વિવિધ આર.સી.સી. રોડ અને બ્લોક રોડના કામોનું ખાતમુહૂર્ત થયું આ ઉપરાંત, ગામમાં ચેકડેમ, પીઠડ માતાજી કોઝવે, પ્રાથમિક શાળાનો લાઈબ્રેરી હોલ, સ્મશાન કોઝવે, પાણીની પાઈપલાઈન અને ગટર લાઈન જેવા કુલ રૂ. ૩૫ લાખના કામોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું આ વિકાસકાર્યોની સાથે, પીઠવડી ગામે ''એક પેડ માં કે નામ'' અંતર્ગત એક હેકટર વિસ્તારમાં પર જાતના ૧૦,૦૦૦ વૃક્ષોનું ''નમો વન કવચ'' બનાવવાનો શુભારંભ પણ કરવામાં આવ્યો. મઢડા ગામે પણ રૂ. ૧૭ લાખના ખર્ચે નવનિર્મિત પંચાયત ઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું વિકાસકાર્યોના આ લોકાર્પણ અને વૃક્ષારોપણથી સાવરકુંડલા લીલીયા વિધાનસભા વિસ્તારમાં પ્રગતિની નવી દિશા ખૂલી છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપના પ્રમુખ રજનીભાઈ ડોબરિયા સહિત જિલ્લા અને તાલુકા ભાજપના આગેવાનો, પંચાયત સદસ્યો અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું






શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગેણશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. ગણેશ ચતુર્થી નિમિતે વિઘ્નહર્તા ગણેશજીનું રંગે રંગે ધામધુમ પૂર્વક સામૈયું કરીને સ્થાપના કરવામાં આવ્યું. ગણેશજીને પ્રિય લાડુંનો થાળ ધરાવી પુજા, અર્ચના અને આરતી કરી સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ દર્શનનો લાભ લીધો. સંસ્થાના સંચાલક દંપતિ દિપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ ગણેશજીની આરતી અને પુજન સાથે સંસ્થાના બધા વિદ્યાર્થીઓએ સ્વાગત કરેલ હતું. દર વર્ષની પરંપરા મુજબ સંસ્થાના ઈકોફેન્ડલી મૂર્તિનું સ્થાપના કરવામાં આવેલ છે. સંસ્થાના વિદ્યાર્થીઓ ધ્વારા ગણેશ વંદના તેમજ ગણેશજીના મહાતમ્ય અંગે વકતવ્યો આપવામાં આવ્યા તેમજ દરેક વિદ્યાર્થી ધ્વારા આરતી તેમજ ગણેશ વંદના કરવામાં આવી. સંસ્થા ધ્વારા દરરોજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આપ સૌ ને ગણેશ ચતુર્થીની હાર્દીક શુભેચ્છાઓ.

## ''સૌરાષ્ટ્રમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે''

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ : આગામી દેશભરમાં ગણપતિ અને નવરાત્રિ મહોત્સવમાં લોકોમાં અંધશ્રધ્ધા દૂર કરવાનો લોકજાગૃતિ કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથા પ્રતિવર્ષની જેમ આ વર્ષે અમલમાં મુકેલ છે. દેશભરમાં એકમાત્ર જાથા દસ હજારથી વધુ સ્ટેજ કાર્યક્રમો આપી અગ્રેસર છે. ભારત જનવિજ્ઞાન જાથાનો અંધશ્રધ્ધા નિવારણાર્થે ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ દેશ-વિદેશમાં અતિ લોકપ્રિય બન્યો છે. જાથાએ ૧૯૯૨ થી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૦૦૬૩ થી વધુ જનજાગૃતિના સ્ટેજ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં દોરા-ધાગા, ચમત્કારના નામે છેતરપિંડી કરનાર ૧૨૭૪ ધતિંગબાજોનો જનહિતાયે પર્દાફાશ કર્યો છે. ૩૫૦૦ ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીરો, મુંજાવરો, લેભાગુઓને બંધ કરાવ્યા છે. જાથાનો જનજાગૃતિ કાર્યક્રમની શરૂઆતમાં શાળા, કોલેજો, છાત્રાલયો, સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, સામાજિક - રાષ્ટ્રીય પ્રસંગો, સરકારના ગ્રામસભામાં આયોજન કરવામાં આવતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ત્યૌહાર, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સપ્તાહ, પારાયણ, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ વિગેરેમાં મહત્તમ આયોજન થાય છે. રાજયમાં જાથાના કાર્યક્રમની જબરી માંગના કારણે સૌરાષ્ટ્રના જિલ્લા જેવા કે, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, બોટાદ, પોરબંદર, મોરબી વિગેરે તથા તેના તાલુકા તથા ગ્રામ્ય મથકોમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ વહેલા તે પહેલા ધોરણે નોંધણી, વિગત, નિયમોની જાણકારી મેળવી, સંમતિપત્રક મેળવી લેવાનું રહેશે. ત્રણ કલાકનો સ્ટેજ કાર્યક્રમ જ્ઞાન-વિજ્ઞાન સાથે અંધશ્રધ્ધા નિવારણ કેન્દ્રમાં રાખીને જ આયોજન પ્રચાર-પ્રસાર થાય છે. લોકોની ધાર્મિક લાગણી ધ્યાનમાં રાખી આયોજન હોય છે. જાથાએ ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોનો કદી વિરોધ કર્યો નથી.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાનું વૈજ્ઞાનિક જ્ઞાનલક્ષી તેજાબી વકતવ્ય દેશભરમાં અતિ લોકપ્રિય છે. તેમને સાંભળવા સ્વયંભુ લોકો ઉમટી પડે છે. તેઓ ભૂત, પ્રેત, છાયો, મામો, જીન્નાત, ડાકણ, આસુરી-મેલીવિદ્યાનો ભાંડાફોડ કરી વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો ઉપર દાખલા-દલીલ સાથે સમજ આપવામાં આવે છે. માનવીને તેના અહંમ, પૂર્વગ્રહો નડે છે. જીવતા માણસો જ નડે છે. તેની માહિતી આપે છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ફળકથનો, નિવારણ વિધિઓ કેટલી નિરાધાર, બોગસ, અવૈજ્ઞાનિક છે. તેની વિજ્ઞાન આધારપુરાવા સાથે રજૂ કરવામાં આવે છે. જાથાની ટીમના સદસ્યો એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, બેડી તૂટવી, નજરબંધી, રૂપિયાનો વરસાદ, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, કર્ણપિશાચ વિદ્યાર્થી કાનેથી ચિઠ્ઠી વાંચવી, હઝરતના ગોળામાં જોવું, બોલતું તાવીજ, ઈલમનું ડિંડક, હવામાં શરીરનું સ્થિર રહેવું જેવા નિદર્શન કરી સ્થળ ઉપર જ શીખડાવી દેવામાં આવે છે. કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ રાજકોટથી સ્પેશ્યલ વાહનનું આવવા-જવાનું ભાડું, રહેવા, ભોજન તથા કેમીકલનો ખર્ચ ભોગવવાનો રહેશે. ગણેશ મહોત્સવ બાદ નવરાત્રીના કાર્યક્રમની નોંધણી કરવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં જાગૃતો, ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. ઈ-મેઈલ: bjvioffice@gmail.com.

## સાવરકુંડલા સંત શ્રી આપાલાખાની જગ્યામાં વલ્લભદાસ બાપુનું સ્વાગત કરાયું




સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાના મૂળ હનુમાન મંદિરના મહંત અને અનેક સામાજિક ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા વલ્લભદાસ બાપુએ શ્રાવણ મહિનાની નિમિત્તે નિર્દોષાનંદ આશ્રમ ખાતે આખો મહિનો શિવ આરાધના કરી ભગવાન શિવ તેમજ નિર્દોષાનંદ બાપુના અસીમ આશીર્વાદ પ્રાપ્ત કરેલા તેઓની આ સુંદર ધાર્મિક પ્રવૃત્તિ અને શ્રદ્ધા માટે સંત આપાલાખાની જગ્યામાં સમાજના ગત ગંગાના માણસો તેમજ મંદિરના મહંત નાનજીબાપુ વેગડા દ્વારા વલ્લભદાસ બાપુનું સ્વાગત કરવામાં આવેલું તેમજ રમેશભાઈ વેગડા અને મનીષભાઈ વિંઝુડાએ પણ આખો મહિનો નિર્દોષાનંદ આશ્રમે શિવ પૂજામાં હાજર રહી પૂજા અર્ચના અને ધાર્મિક કાર્યમાં ભાગ લીધેલો તે માટે તેઓનું પણ આ પ્રસંગે સમાજના આગેવાન મનોજભાઈ વાઘ, રમેશભાઈ વેગડા, દાનાભાઈ સોંદરવા, નાનજીભાઈ સોંદરવા, જીતુભાઈ સોંદરવા, ચંદુભાઈ બગડા, તુષારભાઈ ચોપડા, પ્રકાશભાઈ વેગડા તથા અમરેલી જિલ્લા સંત રોહીદાસ વિ મહાપીઠના મહામંત્રી રણજીતભાઈ વાળા વિગેરે દ્વારા સ્વાગત કરવામાં આવેલું.

## ઋષિ પંચમી

અમરેલી, તા. ૨૭

ઋષિ પંચમી એટલે કે રખ પાંચમ. તેને આપણે સામા પાંચમ તરીકે પણ ઓળખીએ છીએ. ભાદરવા સુદ પાંચમ એ જ સામા પાચમ. આ દિવસે વ્રત લેવાય છે. મોટે ભાગે સ્ત્રીઓ રજોદર્શન વખતે અજાણપણે થતાં દોષો નિવારવા આ વ્રત કરે છે.

આ દિવસે સવારે દાતણ કરી આમળાની ભૂકીથી વાળ ધોવા પછી શરીરને માટી ચોળીને સ્નાન કરી દીવો ધૂપ કરી સપ્ત ઋષિઓને યાદ કરવા એટલે કે સાત ઋષિઓને યાદ કરવા. આ દિવસે બની શકે તો ઉપવાસ કરવો ન થાય તો ફળ ખાવા. આ દિવસે સાંબો ખાવાનો મોટો મહિમા છે.

વૈદર્ભ દેશમાં એક ઉત્કેક પંડિતની પાઠશાળા હતી. પાઠશાળા બહું પ્રખ્યાત હતી. તેને સુશીલા નામે સદગુણી પત્ની હતી. બાળકોમાં એક પુત્ર સુતીષ્ણ ને પુત્રી એક સત્મા. આ બે બાળકો હતા. દીકરો મોટો થતાં બ્રાહ્મણે તેને સારી પેઠે ભણાવ્યો એટલે નાની ઉંમરમાં જ તે શાસ્ત્રોમાં પૂર્ણ બની ગયો હતો. પુત્રી મોટી થતા તેને પરણાવીને સાસરે વળાવી દીધી હતી પરંતુ પુત્રી સતમાં દુભાગે નીકળી સાસરે ગયા ને માંડ એક વર્ષ થયું હશે. ત્યાં તેના સાસુ સસરા અને પતિ ત્રણેય ટૂંકી બીમારીમાં મૃત્યુ પામ્યા. હવે સાસરિયામાં કોઈ હતું નહીં એટલે વિધવા સતમાં આંસુ વહાવતી પિયરમાં આવી દીકરીની આવી દશા જોઈને બ્રાહ્મણ ઉત્તેકનું મન માનવસેવા તરફ વળ્યું. તેને એમ થયું કે માનવ ધર્મ કરતા બીજો મોટો કોઈ ધર્મ નથી. ઘરમાં બધાને બ્રાહ્મણની આ વાત ગળે ઉતરી ગઈ. એક દિવસ વિધવા સતમાં ઉપર કુદરતનો કોપ ઉતરી પડયો તે આશ્રમ પાસે ઝાડ નીચે સૂતી હતી. તે વખતે તેના શરીરમાંથી પરુના રેલા નીકળવા લાગ્યા. દેહમાંથી ખૂબ દુર્ગંધ આવવા માંડી. તેની આવી દશા જોઈ બ્રાહ્મણ બ્રાહ્મણી કંપી ગયાં. તેમણે સચમાને ગરમ પાણીથી સારી પેઠે નવડાવી. એ સાંજના બ્રાહ્મણે સમાધિ દ્વારા જોયું તો ખબર પડી કે પરભવમાં તેની પુત્રી સતમાં એક બ્રાહ્મણની પત્ની હતી પણ ઋતુધર્મ બરાબર સાચવતી નહીં અને જે સ્ત્રીઓ આ ઋતુધર્મના નિયમો રાખતી તેની પણ તે અવગણના કરતી હતી. એ પરભવના પાપને લીધે આ ભવમાં તેને નાની ઉંમરમાં જ વિધવા બનવું પડયું અને દેહમાં કીડા પડયા.

એક દિવસ પર ભવમાં પાચમનું વ્રત કરતી છોકરીઓની પણ તેણે હાંસી ઉડાવેલી. તેનું ફળ આ ભવમાં ભોગવી રહી છે. બ્રાહ્મણે પુત્રીના પર ભવની કરણી સારી નહોતી. તેથી આ ભવમાં તેની આ હાલત થઈ છે. પોતાનો ધર્મ પાળે નહીં અને જે ધર્મ કરે તેને વખોડે તેની ખરાબ દશા જ થાય. તેના દુઃખનું પરભવના પાપનું કંઈક નિવારણ તમે જાણતા હો તો કહો.

બ્રાહ્મણે કહ્યું, 'મારી બુધ્ધિ એમ કહે છે કે તે જો સામા પાંચમનું વ્રત કરવા માંડે તો તેના બધાંએ પાપોનો ક્ષય થાય. આશ્રમમાં ખાટલામાં સૂતેલી સતમાંએ આ બધું સાંભળ્યું અને તેણે વ્રત કરવાનો સંકલ્પ કર્યો. આવડતની વિધિ માટે બ્રાહ્મણને પૂછયું તો બ્રાહ્મણે તેને આશ્વાસન આપી કહ્યું, 'બેટી તારો આ પરભવ તો તે બગાડયો, હવે આ ભવ સુધારવો હોય તો સામા પાંચમનું વ્રત કરવા માંડ. બેટી, ભાદરવા સુદ પાંચમને દિવસે આ વ્રત લેવાય. આ દિવસને ઘણા લોકો ઋષિ પંચમી પણ કહે છે. વ્રત કરનારે ભાદરવા સુદ પાંચમને દિવસે સવારે વહેલા ઊઠી નાહી ધોઈને ઘીનો દીવો કરી નેવેદમાં ફળ મુકવા દીવો કર્યા પછી વ્રત કરનારે સપ્ત ઋષિઓનું ધ્યાન કરવું. ભારદ્વાજ, ગૌતમ, કશ્યપ, જમદગ્ની, વિશ્વામિત્ર, અત્રી અને અરૂધતી સહિત વશિષ્ઠ એ સાથે ઋષિઓને વારંવાર યાદ કરીને તેમનું ધ્યાન કરવું. આ વ્રતમાં ઋષિઓનું મહત્વ છે. વ્રત કરનારે ફળાહારમાં સાંબો લેવો. ફળ પણ લઈ શકાય. જમીનમાં થતાં શાક પણ આહારમાં લઈ શકાય. ઉપવાસ થઈ શકે તો વધુ ઉત્તમ ગણાય છે. સ્ત્રીઓ શુધ્ધ ભાવથી આ સામા પાચમનું વ્રત કરે તો ઋતુ ધર્મ વખતે જાણ્યે અજાણ્યે થયેલા દોષો નાશ પામે છે.' સતમાએ સામા પાંચમનું વ્રત કરવાનો સંકલ્પ કર્યો ને ત્રણ દિવસ માટે બિલકુલ નિરોગી બની ગઈ અને ભાદરવો માસ આવ્યો અને સુદ પાંચમનો પવિત્ર દિવસ આવતા સતમાએ ઋષિ પાંચમનું વ્રત આદર્યુ. તેણે નાહી ધોઈને સાત ઋષિઓને યાદ કર્યા. આખો દિવસ તેમના નામનું રટણ ચાલુ રાખ્યું. આહારમાં માત્ર થોડો સાંબો લીધો. તે રાતના ભજન કીર્તન કરતા સૂઈ ગઈ. વ્રતના પ્રતાપે સતમાના બધાં પાપ નાશ પામ્યા અને બધા દોષ દૂર થયાં. જે ભક્તો આ ઋષિ પંચમીનું વ્રત કરશે, ગુરૂજનોની પૂજા કરશે, તેમની આજ્ઞા પાળશે, આ વ્રત કથા વાંચશે અથવા સાંભળશે, તેના અજાણ પણ થયેલ ભૂલ પાપ બળીને ભસ્મ થઈ જશે અને સુખ શાંતિ મળશે. જય સપ્તઋષિ, જય સામા પાચમ, જય ઋષિ પંચમી.

**દિપ્તિબેન પી. રાવલ**
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા-જિ.રાજકોટ


## દેવાઓ દેવા ગણપતિ દેવાનાં નાદ સાથે

# જાફરાબાદ ખાતે આસ્થા અને ઉત્સાહભેર ગણેશોત્સવનો પ્રારંભ

## સાગરખેડૂઓમાં આસ્થાના ઘોડાપુર

જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદ શહેરમાં ઠેરઠેર દુધાળા દેવને આવકારવા નાગરિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહેલી સવારે બાપાને આસ્થાભેર સ્થાપના ખારવાવાડમાં મોટા પંડાલો શણગારવામાં આવ્યા ડીજે તેમજ અનોખી લાઈટોથી પંડાલોમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા ખારવા



વાડમાં ગણેશ ઉત્સવ લઈને અનેરો ઉત્સાહ જોવા મળે છે. આજથી આનંદ અને ઉમંગનો પ્રારંભ થયો કારણ કે દેવોમાં સૌથી જેમની પ્રથમ પૂજા થાય છે. તે વિઘ્નહર્તા ગણપતિના ઉત્સવની આજે ગણેશ ચતુર્થીના દિવસથી પ્રારંભ હિન્દુ ધર્મમાં કોઈપણ શુભ કાર્યની શરૂઆત કરતા પહેલા ભગવાન ગણપતિની પ્રથમ પૂજા કરવામાં આવે છે. આજે ગણેશ ચતુર્થીની ઉજવણી દેશ અને રાજયની સાથે જાફરાબાદમાં પણ ભક્તિભાવપૂર્વક ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની મૂર્તિની સ્થાપના ઠેરઠેર કરવામાં આવી દુંદાળા દેવને આવકારવા ધર્મ પ્રેમીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે મોટાભાગના વિસ્તારોમાં ગણેશ ચતુર્થીએ ગણેશજીની મૂર્તિને વાજતે ગાજતે અને ડીજેના તાલે અને અબીલ ગુલાલની છોડો સાથે વિઘ્નહર્તા ગણપતિજીને પંડાલોમાં સ્થાપિત કરવામાં આવ્યા ખારવા વાડમાં કામનાથ મહાદેવ મંદિર અને સ્વાધ્યાય પરિવારના મંદિરની બાજુમાં તથા ઘરે ઘરે ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી ગણેશ ચતુર્થી નિમિત્તે ભગવાન ગણેશની પૂજા અર્ચના મહાઆરતી કરી અને ગણપતિને પ્રિય એવા લાડુનો ભોગ ધરવામાં આવ્યો ગણપતિની મૂર્તિને ઢોલ - શરણાઈ અને ડીજે અબીલ - ગુલાલ સાથે વાજતે ગાજતે લાવવામાં આવ્યા શહેરના અલગ- અલગ વિસ્તારોમાં પંડાલોમાં રોશનીથી શણગારવામાં આવ્યા છે. આજે આસ્થાભેર ગણેશ સ્થાપના કરીયા બાદ દરરોજ દાંડીયા રાસ ઠેરઠેર પ્રસાદી મહાઆરતી મહાપૂજા હવન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા લોકોમાં પણ ગણેશજીને આવકારવા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો ગણેશ પ્રતિમાના સ્થાપન માટે આજનું શુભ મુહૂર્ત દર વર્ષે ભાદરવા મહિનાની સુદ પક્ષની ચતુર્થીએ ગણેશ ચતુર્થી ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન ગણેશજીની પૂજા અર્ચનાનું અનેરૂં મહાત્મ્ય છે. ભગવાન ગણેશજીને બુદ્ધિ સમૃદ્ધિ અને સૌભાગ્યના દાતા માનવામાં આવે છે. અને તમાંમ દેવી દેવતાઓમાં સૌથી પહેલા ગણેશજીની પૂજા કરવામાં આવે છે.

## શ્રેષ્ઠ ઔષધો અને તેના ઉપયોગો



અમરેલી, તા. ૨૭

તુલસી : મેલેરીયા, વાઈરલ ઈન્ફેક્શન, તાવ, શરદી મટાડે છે.
લીલી ચા : વાઈરલ ઈન્ફેક્શન, શરદીમાં ઉપયોગી નીવડે છે.
અજમો : પેટના દુઃખાવા માટે શ્રેષ્ઠ છે.
ફુદીનો : અગ્નિમાં ઘ, પેટનો દુઃખાવો, શરદી, તાવમાં ઉપયોગી છે.
ગળો : જુનો તાવ, એસીડીટી, ગાઉટ, વૃદ્ધાવસ્થામાં સારી છે.
કુવારપાઠુ : દાઝવા પર, સૌંદર્યને લગતા- રોગો, સ્ત્રી રોગોમાં ઉપયોગી છે.
અરડૂસી : શરદી, ખાંસી, દમ, નસ્કોરી ફુટવા સમયે કામ લાગે છે.
હાડસાંકળ : કેલ્શીયમ વધારતું હોવાથી સાંધાના રોગોમાં ઉપયોગી છે.
નગોડ : વાના રોગોમાં, વાળના રોગોમાં ઉપયોગી છે.
બ્રાહ્મી : યાદશકિત વધારવા માટે ઉપયોગી છે.
સાટોડી : મૂત્રરોગોમાં અથવા સોજો થયો હોય ત્યારે કામ લાગે છે.
અગંધા : વજન વધારવા, ઊંઘ લાવવા માટે ઉપયોગી છે.
ગરમાળો : કબજીયાત અને ચામડીના રોગો મટાડે છે.
આંકડો : ાસના રોગો, વા જેવા રોગોમાં ઉપયોગી નીવડે છે.
લીમડો : ચામડીના રોગો, દાંતના રોગોમાં કામ લાગે છે.
દુધી : ચરબી ઘટાડવા, પિત્તશામક, કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે ઉપયોગી થાય છે.
જાસુદ : રકતસ્ત્રાવ ઘટાડવા, વાળના સેંદર્ય માટે ઉપયોગી છે.
ભોંયરીંગણી : ખાંસી મટાડવા માટે ઉપયોગમાં લેવાય છે.

**- મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# જાફરાબાદ ખાતે દરિયામાં બોટ ડૂબી જવાની દુઃખદ ઘટનામાં પીડિત પરિવારોની મુલાકાત લેતા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી






તાજેતરમાં જિલ્લાના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદની સ્થિતિ હતી. જાફરાબાદ દરિયામાં પણ ભારે વરસાદ અને તોફાનની સ્થિતિ બની હતી. જેમાં જાફરાબાદ તાલુકાની વિવિધ બોટ અને માછીમારો દરિયામાં માછીમારી અર્થે ગયા હતા અને વરસાદી તોફાનની સ્થિતિમાં તેઓ દરિયામાં ફસાઈ ગયા હતા. અમરેલી જિલ્લા વહીવટીતંત્ર, રાજુલા જાફરાબાદ તાલુકા વહીવટીતંત્ર અને પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા કેટલાય માછીમારોને રેસ્કયુ કરીને બચાવવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે વરસાદ અને તોફાનની સ્થિતિના પગલે જાફરાબાદ દરિયામાં કુલ - ૩ માછીમારી બોટોના ૧૧ માછીમારો ગૂમ થયા હતા. તા.૨૦/૮/૨૫થી જેમની શોધખોળ પીપાવાવ કોસ્ટગાર્ડના ૨ (બે) શીપ અને ૪ (ચાર) હેલિકોપ્ટર/ચોપર દ્વારા શરૂ કરવામાં આવી હતી, અને આ તપાસ હજુ પણ શરૂ છે. ગુમ થયા છે તે તમામ માછીમારોની શોધખોળ માટેના શકય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગૂમ થયેલા ૧૧ માછીમારોમાંથી ૨ (બે) માછીમારોના મૃતદેહ પીપાવાવ કોસ્ટગાર્ડના શીપ દ્વારા શોધવામાં આવ્યા. તે મૃતદેહને પીપાવાવ જેટી ખાતે લાવવામાં આવ્યા. એમ્બ્યુલન્સ મારફતે સી.એચ.સી. જાફરાબાદ ખાતે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી મૃતકોના પરિવારજનોને તે મૃતદેહ સોંપવામાં આવ્યા હતા. રાજય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જાફરાબાદના વિવિધ વિસ્તારમાં મુલાકાત લીધી હતી. મૃતક ખલાસીના પરિવારોની પણ મુલાકાત મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ લીધી હતી. મંત્રીશ્રીએ શોકની લાગણી વ્યકત કરી હતી. પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પદાધિકારી, જાફરાબાદ બોટ એસોસિએશનના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો, રાજુલા પ્રાંત અધિકારી, જાફરાબાદ મામલતદાર, જાફરાબાદ મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મૃતક ખલાસીના પરિવારને, રાજય સરકારની મળવાપાત્ર સહાય વિના વિલંબે મળે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચના મંત્રીએ આપી હતી. આ બેઠકમાં, મૃતક માછીમારોને મૌન શ્રધ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ કે, વરસાદી સ્થિતિના પગલે જાફરાબાદ દરિયામાં બોટ ગૂમ થવાની દુઃખદ ઘટનામાં રાજય સરકાર પીડિત પરિવારોની પડખે છે. આ ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર, જિલ્લા વહીવટીતંત્ર, કોસ્ટ ગાર્ડ પીપાવાવ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રીએ ઉમેર્યુ કે, રાજય સરકારના વિવિધ ધારા ધોરણો, નીતિ અને નિયમોની મર્યાદામાં આ પરિવારોને શક્ય તમામ મદદ ત્વરાએ મળી રહે તે માટે તંત્ર કાર્યરત છે. ઉપરાંત ભવિષ્યમાં આવી દુઃખદ ઘટનાઓ ન બને તે માટે આગોતરી તકેદારીના ભાગરૂપે વિવિધ બાબતોને આવરી લેતું વિસ્તૃત આયોજન અગાઉથી થાય અને જેથી આવી ઘટનાઓને અગાઉથી જ નિવારી શકાય તે દિશામાં સૌ સાથે મળીને કાર્યરત બનીએ. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ, જાફરાબાદ બોટ એસોસિએશનના વિવિધ હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો સાથે સ્થાનિક માછીમારોના પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા-વિચારણા કરી હતી. મંત્રીએ, જાફરાબાદ મદદનીશ મત્સ્યઉદ્યોગ નિયામકને સૂચનો કર્યા હતા. આ ઉપરાંત આગેવાનોની વિવિધ રજૂઆતો સાંભળી હતી. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની જાફરાબાદ ખાતે આ પરિવારોની મુલાકાત વેળાએ ઉપરાંત જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે આયોજિત બેઠકમાં જાફરાબાદ બોટ એસોસિએશનના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો, રાજુલા પ્રાંત અધિકારી, જાફરાબાદ તાલુકા મામલતદાર, જાફરાબાદ મદદનીશ મત્સ્યઉદ્યોગ નિયામક સહિતના પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વંડા ખાતે યોજાયેલ ''જનસભા''માં જનમેદનીને સંબોધન કર્યા બાદ

# સાવરકુંડલામાં ''આપ''નાં ધારાસભ્ય ઈટાલીયાની મુલાકાતથી રાજકારણ ગરમાયુ

### ભાજપનાં અનેક અસંતુષ્ઠ આગેવાનો સાથે મુલાકાત કરતાં નવા-જુનીનાં એંધાણ

### પાટીદાર સમાજનાં સૌથી વધુ મતદારો ધરાવતાં વિસ્તારમાં પાટીદારનાં ઉભરતા ચહેરાનું સ્વાગત

### વિસાવદરમાં ભાજપની વિરાટ શકિતને પછડાટ આપીને વિજેતા થનારને જબ્બરૂ સમર્થન

### અમરેલી જિલ્લામાં ધારાસભ્ય ઈટાલીયાનાં આગમનથી ''કહી ખૂશી કહી ગમ''નો પણ માહોલ



સાવરકુંડલા, તા. ૨૭

વિસાવદર વિધાનસભા બેઠક ઉપર પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા ધારાસભ્ય તરીકે વિજેતા થતા તેની અસર સમગ્ર સૌરાષ્ટ્રના રાજકારણમાં પડી છે અને સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકીય વિશ્લેષકોમાં પણ આ મુદ્દો રસપ્રદ બન્યો છે. ત્યારે સૌરાષ્ટ્રના બુદ્ધિજીવી કાર્યકરોમાં પણ આમ આદમી પાર્ટી પ્રત્યે આકર્ષણ વધ્યું છે અને ગોપાલભાઈ ઈટાલિયાના પ્રવાસમાં તેમને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ત્યારે ગઈકાલે રાત્રે સાવરકુંડલા તાલુકાના મોટા ગણાતા એવા વંડા ગામમાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની એક જાહેર સભા રાખવામાં આવી હતી. જાહેર સભામાં ગામના નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સભા પૂર્ણ થયા બાદ ગોપાલ ઈટાલીયા પરત ફરતી વખતે સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ડી.કે. પટેલ કે જેમણે નજીકના ભૂતકાળમાં જ ભારતીય જનતા પક્ષ વતી નગરપતિ તરીકે સાવરકુંડલાને ખૂબ જ સારૂં શાસન આપ્યુ હતુ. તેઓ હાલ પણ વોર્ડ નંબર આઠના અપક્ષ સદસ્ય તરીકે સેવા આપી રહ્યા છે. ત્યારે ગઈકાલે રાત્રે ગોપાલ ઈટાલીયાએ અચાનક જ પૂર્વ નગરપતિના નિવાસ્થાને તેમની મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન શહેર ભાજપના પૂર્વ મહામંત્રી એ.બી. યાદવ, મંગળુભાઈ ખુમાણ, પટેલ સમાજના આગેવાન ઘનશ્યામભાઈ બચુભાઈ જયાણી, હિંમતભાઈ લાખાણી સાથે શહેરના નાના મોટા કાર્યકરો હાજર રહ્યા હતા અને ગોપાલ ઈટાલિયાનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. બાદમાં ગોપાલ ઈટાલિયા સાથે રાજકીય ચર્ચાઓ કરતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

અત્રે નોંધનીય છે કે નજીકના ભવિષ્યમાં સાવરકુંડલા નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે આમ આદમી પાર્ટી સાવરકુંડલા નગરપાલિકાની ચૂંટણીમાં પુરા જોમ અને જુસ્સાથી જંપલાવશે અને જો આમ થશે તો સાવરકુંડલા શહેરના રાજકારણમાં એક નવો અધ્યાય શરૂ થવાની પુરી સંભાવના જણાય છે. પછી તો આ રાજકારણ કહેવાય અહીં કશું અસંભવ પણ નથી. કુછ ભી હો સકતા હૈ. આખિર તો સમય બડા બલવાન હૈ.

અંગ્રેજીમાં કહેવત છે કે ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોર નન એટલે કે સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી. પરંતુ રાજકારણ એક એવી વ્યવસ્થા છે અહીં ઊંધાનું ચતું અને ચતાનું ઊંધુ થતાં સમય લાગતો નથી. શાણા માણસો સાનમાં સમજે સમય વર્તે સાવધાન. પેલો હિન્દી ફિલ્મ શોલેમાં એક સંવાદ છે. લોહા ગરમ હૈં માર દો હથોડા.

### નાણાંની લાલચે બોટ માલિકો નિયમોને ભુલ્યા

# જાફરાબાદ : નવા બંદરની ૭ બોટ માછીમાર માટે નિયમ વિરૂધ્ધ રવાના થઈ

### મત્સ્યોઉધોગ વિભાગે નિયમાનુસાર કાર્યવાહી કરી



જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગની કડક કાર્યવાહી નવા બંદરની ૭ બોટો મધદરિયે માછીમારી કરવા રવાના થઈ હતી હવામાન વિભાગની તથા તંત્રની ગંભીર સુચના આપવામાં આવી હોવા છતાં અમુક લાલચુ બોટ માલિકો ખલાસીઓના જીવ જોખમમાં મૂકી રહ્યા હોવાની સુચના જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગના ધ્યાન ઉપર આવતા કડક કાર્યવાહી કરવામાં આવી હતી હવામાન ખાતાની આગાહી મુજબ અત્રેની કચેરી તળે આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો પરના માછીમારોને દરિયો ન ખેડવા આદેશ કરવામાં આવેલ તેમજ અત્રેની કચેરીના પ્રતિનિધિ મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ મામલતદાર ઉનાના પ્રતિનિધિની હાજરીમાં તા. ૨૬/૮/૨૫ના રોજ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે નવાબંદરના તમામ બોટ એસો. પ્રમુખો/પટેલો/ આગેવાનોને દરિયો ન ખેડવા તેમજ દરિયામાં રહેલ બોટોને તાત્કાલિક પરત બોલાવવા બેઠક બોલાવી સમજાવવામાં આવેલ તેમ છતાં નવાબંદરની બોટ ધનલક્ષ્મી નં. IND–GJ–૧૪ mm–૮૭૨ તેમજ જીવંતી પ્રસાદ IND–GJ–૧૪ mm–૨૦૧૩ તેમજ રામ પ્રસાદ –૬ નં. IND–GJ–૧૪ mm–૨૩૨૦ તેમજ કિસ્મત –૩૭ નં. IND–GJ–૧૪ mm–૨૩૯૧ તેમજ કૈલાસ સાગર નં. IND–GJ–૧૪ mm–૨૩૦૯ તેમજ અલ– કસ્વા નં. IND GJ ૧૪ mm–૧૭૫૧, તેમજ અલકસ્વા નં. IND GJ ૧૪ mm–૧૭૨૬ તમામ બોટ માલિકો ઉપર તા. ૨૭/૭/૨૫થી અનેક સુચના છતાં દરિયામાં ગેરકાયદેસર માછીમારી કરતા હોય તેવું તંત્રના ધ્યાનમાં આવતા અને આધાર–૨ પરિપત્ર તેમજ હવામાન ખાતાની આગાહીને ધ્યાને લીધા વિના બોટમાં રહેલ માછીમારોના જીવ જોખમમાં નાખેલ છે જે ખૂબ જ ગંભીર બાબત હોય ઉપરોકત તમામ બોટ માલિકો ઉપર ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો ૨૦૦૩ના પ્રકરણ–૩ ના નિયમ ૭(૨) પેટા કલમ (૧)(ગ)નો ભંગ કરવામાં આવેલ હોય તથા ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો ૨૦૦૩ના પ્રકરણ–૫ની કલમ–૨૧–૧(ચ) મુજબ તમામ બોટ માલિકો ઉપર રૂ. ૧૦,૦૦૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો તેમજ તમામ બોટોને ઓનલાઈન ટોકન મેનેજમેન્ટ સિસ્ટમમાં આથી બેન કરવામાં આવેલ અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

### એક તરફ માર્ગનું કામ શરૂ અને બીજી તરફ અંધારપટ્ટ

# અમરેલીનાં હાર્દસમા ચિતલરોડ ઉપર અંધારપટ્ટનાં લીધે વાહન ચાલકો પરેશાન

### માર્ગ–મકાન વિભાગ અને પાલિકાની ગુનાહિત બેદરકારી



અમરેલી, તા. ૨૭

અમરેલીનાં ચિતલ રોડ ઉપર માર્ગ–મકાન વિભાગની દેખરેખ વગર સુરક્ષાનાં નિયમોનો ઉલાળીયો કરીને એક તરફનો માર્ગ બંધ કરીને કામ શરૂ કરાયું છે. અને બીજો માર્ગ આવન–જાવન માટે શરૂ હોય તે માર્ગ ઉપર પાલિકાની સ્ટ્રીટ લાઈટ હંમેશા બંધ હોવાથી રાત્રિનાં સમયે વાહન–ચાલકોને પરેશાન થવામાં પરેશાની થઈ રહી છે.

અમરેલી શહેરમાં એક હજાર જેટલી સ્ટ્રીટલાઈટ બંધ હોવા છતાં સુધરાઈ સભ્યથી લઈને સાસંદ સુધીના જનપ્રતિધિઓ કે ચીફ ઓફિસરથી લઈને પાલિકાના કમિશ્નરને પણ કોઈ ચિંતા થતી નથી.




### સ્થાનિક પોલીસે મહિલાને શોધી કાઢી

# લાઠી વિસ્તારમાં ગુમ થયેલ મહિલા મહારાષ્ટ્રના જલગાવમાંથી મળી આવી

### મહિલાનુ પરિવાર સાથે સુખદ મીલન

અમરેલી, તા. ૨૭

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાંથી ગુમ થયેલ વ્યકિતઓને શોધી કાઢવા સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરેલ હોય જે ડ્રાઈવ અનુસંધાને જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)